પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૭૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૭-૦૩-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### બે મોટાં એરપોર્ટ પર ટેક્નિકલ ખામી-સેંકડો મુસાફરો ફસાયા

## શિકાગોથી દિલ્હી આવનારા ૩૦૦ પેસેન્જર ૩૪ કલાકથી અટવાયા છે, હોંગકોંગમાં કોમ્પ્યુટર સિસ્ટમ ઠપ્પ

નવીદિલ્હી,

વિશ્વના બે મોટાં એરપોર્ટ પર ટેક્નિકલ ખામીના કારણે સેંકડો મુસાફરો ફસાઈ ગયા છે. મંગળવારે શિકાગો એરપોર્ટ પર ટેક્નિકલ ખામીને કારણે એર ઈન્ડિયાની ફ્લાઈટ ઉડાન ભરી શકી ન હતી. અહીં દિલ્હી આવતા ૩૦૦ મુસાફરો ૩૪ કલાક રાહ જોઈ રહ્યા છે. બીજો મામલો હોંગકોંગ એરપોર્ટનો છે. કોમ્પ્યુટર સિસ્ટમમાં ખામીને કારણે ગુરુવારે ફ્લાઈટ્સ મોડી પડી હતી અને સેંકડો મુસાફરો અહીં ફસાયા હતા.



અમેરિકાના શિકાગો એરપોર્ટ પર ટેક્નિકલ ખામીના કારણે એર ઈન્ડિયાની ફ્લાઈટ ટેકઓફ થઈ શકી ન હતી. શિકાગોથી મંગળવારે બપોરે ૧:૩૦ વાગ્યે ફ્લાઈટ ટેકઓફ થવાની હતી. તે ૧૫ માર્ચે બપોરે ૨.૨૦ વાગ્યે દિલ્હીમાં લેન્ડ થવાની હતી, પરંતુ હજુ પણ ફ્લાઈટ ટેકઓફ થઈ શકી નથી.

ગોપાલ કૃષ્ણ સોલંકી નામના મુસાફરે જણાવ્યું હતું કે ૩૦૦ પેસેન્જરો લગભગ ૩૪ કલાકથી ફ્લાઈટની રાહ જોઈ રહ્યા છે, પરંતુ ફ્લાઈટ બાબતની હજી સુધી કોઈ જાણકારી આપવામાં આવી નથી. આ બાબતે એરલાઈનને પૂછવામાં આવ્યું તો તેમના તરફથી પણ કોઈ જવાબ આપવામાં આવ્યો નથી. અન્ય એક પેસેન્જરે એક વીડિયો જાહેર કર્યો છે. તેણે કહ્યું કે અમને ખબર નથી કે ખરેખરમાં શું ચાલી રહ્યું છે. અમને ક્યારે ફ્લાઈટ મળશે, તેની પણ ખબર નથી.

આ મામલામાં એર ઈન્ડિયાના પ્રવક્તાએ કહ્યું કે ૧૪ માર્ચે ફ્લાઈટ નંબર છેં ૧૨૬ને ટેક્નિકલ સમસ્યાના કારણે રદ કરવી પડી હતી. તેમણે કહ્યું કે મુસાફરોને મદદ કરવામાં આવી રહી છે. તેમને બીજી ફ્લાઈટ દ્વારા દિલ્હી મોકલવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.હોંગકોંગ એરપોર્ટ પર કોમ્પ્યુટર સિસ્ટમમાં ખામીને કારણે ગુરુવારે ફ્લાઈટ્સ મોડી પડી હતી અને સેંકડો મુસાફરો અહીં ફસાયા હતા. ગુરુવારે હોંગકોંગ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કોમ્પ્યુટર સિસ્ટમ ઠપ્પ થઈ ગઈ હતી. જેના કારણે ફ્લાઈટ્સ મોડી પડી રહી છે. સૌથી વધુ અસરગ્રસ્ત કેથે પેસિફિક એરલાઈન્સ છે. તેની ૫૦ ફ્લાઈટ્સનું ટેકઓફ મોડું થઈ રહ્યું છે. આવી જ અસર અન્ય એરલાઈન્સ પર પણ જોવા મળી છે. કોવિડ મહામારી પહેલાં હોંગકોંગ વિશ્વના સૌથી વ્યસ્ત એરપોર્ટમાંથી એક હતું. ૨૦૧૯માં અહીંથી ૭.૧ કરોડ મુસાફરોએ ઉડાન ભરી હતી.

### ફ્લાઈટે શિકાગોમાં મંગળવારે બપોરે ૧:૩૦ વાગે ટેકઓફ કરવાની હતી. હજી સુધી તેણે ઉડાન ભરી નથી

હોંગકોંગ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સૌથી વધુ અસરગ્રસ્ત કેથે પેસિફિક એરલાઈન્સ છે.હોંગકોંગની એરપોર્ટ ઓથોરિટીએ હજુ કોમ્પ્યુટરમાં રહેલી ખામી અંગે વધુ માહિતી આપી નથી. સ્થાનિક મીડિયા અનુસાર, ચેક-ઈન કરવા માટે રજિસ્ટ્રેશન કરાવનારાઓ માટે લાઈન લાગેલી છે, પરંતુ આ સુવિધા હવે બંધ છે.

અમેરિકામાં જાન્યુઆરીમાં,નોટિસ ટુ એર મિશન સિસ્ટમમાં ખામીને કારણે ૯૬૦૦ ફ્લાઈટ્સ મોડી પડી હતી. જ્યારે ૧૩૦૦ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. ૨૦૦૧માં થયેલા આતંકવાદી હુમલા બાદ અમેરિકામાં આવું પહેલીવાર બન્યું, જ્યારે આટલી બધી ફ્લાઈટ્સની ઉડાન ભરવામાં વિલંબ થયો અને તેને ગ્રાઉન્ડ પર જ રોકી દેવામાં આવી હતી. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશને ૪ કલાકની મુશ્કેલી પછી ફ્લાઈટ ઓપરેશન્સ ધીમે ધીમે શરૂ કરી દીધું હતું. મામલો એટલો ગંભીર હતો, તેનો અંદાજો તે વાતથી લગાવી શકાય છે કે આ બાબતે વ્હાઈટ હાઉસમાં ઈમર્જન્સી બેઠક મળી હતી. રાષ્ટ્રપતિ જો બાઈડને ટ્રાન્સપોર્ટ સેક્રેટરી પાસે આ બાબતે રિપોર્ટ માંગ્યો હતો.

ફેબ્રુઆરીમાં જર્મનીની લુફથાન્સા એરલાઈન્સની કોમ્પ્યુટર સિસ્ટમમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હતી. જેના કારણે ડઝનબંધ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. કંપનીએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે આઈટી સિસ્ટમની નિષ્ફળતાને કારણે આ સમસ્યા થઈ છે.

## વિદ્યાર્થીઓ-વાલીઓનો હોબાળો : રાજકોટમાં ધો.૧૦ની પરીક્ષામાં સપ્લીમેન્ટરી મોડી આવતા પેપર અધૂરા રહ્યા

રાજકોટ,

ગુજરાત બોર્ડનું ધોરણ ૧૦ ગણિત સ્ટાન્ડર્ડ મેથ્સનું પેપર શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયું છે. મેથ્સ વિષયનું પેપર પ્રમાણમાં સહેલું રહેતા વિદ્યાર્થીઓમાં ખુશી જોવા મળી હતી. મેથ્સનું પેપર ધાર્યા પ્રમાણે અનુકૂળ રહ્યું હોવાનો વિદ્યાર્થીઓનો મત છે. મેથ્સ મહત્ત્વનો વિષય હોવાથી પેપર પૂર્ણ થતા વિદ્યાર્થીઓના વાલીઓએ હાશકારો અનુભવ્યો છે. હવે આવતીકાલે ધોરણ ૧૦માં બેઝિક મેથ્સનું પેપર લેવાશે. જો કે, રાજકોટમાં ભરાડ સ્કૂલમાં સપ્લીમેન્ટરી મોડી આવતા વિદ્યાર્થીઓના પેપર અધૂરા રહી ગયા હતા. આથી વાલીઓ અને વિદ્યાર્થીઓએ સ્કૂલ બહાર એકઠા થઈ હોબાળો કર્યો હતો. તો બીજી તરફ અમદાવાદના સી.એન. વિદ્યાલયમાં ફક્ત એક વિદ્યાર્થી માટે કેન્દ્રની ફાળવણી કરવામાં આવતા આખા પરીક્ષા કેન્દ્રમાં એક જ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. આજે ધોરણ ૧૨ સાયન્સમાં કેમેસ્ટ્રી અને ૧૨ કોમર્સમાં આંકડાશાસ્ત્રનું પરીક્ષા લેવાશે.

આજની પરીક્ષામાં બોર્ડની વ્યવસ્થાના અભાવના કારણે રાજકોટની ભરાડ સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સમય ઓછો પડતા પેપર અધૂરું મૂકવું પડ્યું હતું. જેના કારણે વાલીઓ અને વિદ્યાર્થીઓએ શાળા બહાર એકઠા થઈ હોબાળો કર્યો હતો. આગામી સમયમાં અન્ય પરીક્ષામાં આવું ન થાય તેવી માગ કરી હતી. વિદ્યાર્થીઓએ કહ્યું હતું કે, ૫ માર્ક કરતાં વધુનું પેપર છૂટી ગયું છે.

રાજકોટની ભરાડ સ્કૂલમાં પરીક્ષા આપી રહેલી વિદ્યાર્થિની એન્જલ તલાવિયાએ જણાવ્યું હતું કે, આજે સ્ટાન્ડર્ડ મેથ્સનું પેપર હતું. આજે સમસ્યા એ થઈ હતી કે, સપ્લીમેન્ટરી અમે માગી પણ ૧૦થી ૧૫ મિનિટ મોડી આવી હતી. આથી અમારે આટલી વાર બેસવાનો વારો આવ્યો હતો. અમને એક્સ્ટ્રા સમય આપવામાં આવ્યો નહોતો. અમને એવું કહેવામાં આવ્યું હતું કે, સરકાર તરફથી જ આ સમસ્યા હતી, એમાં કાંઈ એક્સ્ટ્રા સમય ન આપી શકીએ. અમારી એક જ માગ છે કે હવે બીજા પેપરમાં આવું ન થાય.

આ મામલે ભરાડ સ્કૂલના સંચાલક જતીન ભરાડે જણાવ્યું હતું કે, બોર્ડના નિયમ મુજબ શાળાના ટ્રસ્ટીઓ કેન્દ્ર પર હાજર રહી શકતા નથી, માટે હું ત્યાં હાજર નહતો. પરંતુ સમગ્ર હકીકત જાણવા મેં સ્ટાફ સાથે વાત કરતા જાણવા મળ્યું છે કે, અમારી શાળામાં કુલ ૨૭૦ વિદ્યાર્થીઓ ૯ ક્લાસરૂમમાં પરીક્ષા આપી રહ્યા છે. આજે સ્ટાન્ડર્ડ મેથ્સની પરીક્ષા હતી, પ્રથમ ૧૦૦ સપ્લીમેન્ટરી આવી હતી, એ પછી બીજી સપ્લીમેન્ટરી માટે ૮થી ૧૦ વખત ફોન કરવામાં આવ્યા બાદ સપ્લીમેન્ટરી આવતા વિદ્યાર્થીઓએ ૧૦થી ૧૫ મિનિટ બેસવું પડ્યું હતું.

## નવા વાયરસનું સંકટ : મહારાષ્ટ્રમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે H-3N-2 વાયરસ, મેડિકલના વિદ્યાર્થી સહિત ૨ના મોત

મુંબઈ,

દેશમાં એક નવા વાયરસે દસ્તક આપી છે. એચ-૩એન-૨ વાયરસનો ચેપ સતત વધી રહ્યો છે. મહારાષ્ટ્રમાં એચ-૩એન-૨ વાયરસના કારણે બે લોકોના મોત થયા છે. જેમાંથી એક ૭૪ વર્ષીય વ્યક્તિનો સમાવેશ થાય છે. જ્યારે કોરોના તેમજ એચ-૩એન-૨ વાયરસ વાયરસથી સંક્રમિત મેડિકલના વિદ્યાર્થીનુ મોત થયુ છે. મહારાષ્ટ્રના સ્વાસ્થ્ય મંત્રી તાનાજી સાવંતે આ જાણકારી આપી હતી.

આ સાથે મંત્રી તાનાજીએ જણાવ્યું હતુ કે રાજ્યમાં એચ-૩એન-૨ વાયરસના ૩૬૧ કેસ નોંધાયા છે. આરોગ્ય વિભાગની ટીમને એલર્ટ પર રાખવામાં આવી છે. તો માહિતી મુજબ સરકાર દ્વારા આગામી બે દિવસમાં આ સંક્રમણ અંગે માર્ગદર્શિકા જારી કરવામાં આવશે.તો સાથે જ મંત્રીએ લોકોને ભીડવાળી જગ્યાએ માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવા સલાહ આપવામાં આવી છે.

નવા સંક્રમણ વિશે માહિતી આપતાં આરોગ્ય મંત્રીએ જણાવ્યુ હતુ કે, વાયરસને કારણે બે લોકોનાં મોત થયાં છે. આમાં એક ૭૪ વર્ષીય વ્યક્તિ છે. બીજો અહેમદનગરનો એમબીબીએસના પ્રથમ વર્ષનો વિદ્યાર્થી છે. તેમની ઉંમર માત્ર ૨૩ વર્ષની હતી. તેને કોરોનાની સાથે સાથે એચ૧એન૧ અને એચ-૩એન-૨નો ચેપ લાગ્યો હતો.

ઈન્ફ્લુએન્ઝા બે પ્રકારના વાયરસ એચ૧એન૧ અને એચ-૩એન-૨થી થાય છે. આગામી બે દિવસમાં મુખ્યમંત્રી એકનાથ શિંદે સાથે વિગતવાર ચર્ચા કર્યા બાદ રાજ્યના તમામ લોકોને માર્ગદર્શિકા જારી કરવામાં આવશે. આ વાયરસનું સંક્રમણ મુંબઈ, પુણે, નાગપુર, ઔરંગાબાદ, થાણે, સાંગલી અને કોલ્હાપુરમાં જોવા મળ્યુ છે. આપને જણાવી દઈએ કે એચ૧એન૨ ના ૩૦૩ અને ઌ૩દ્ગ૨ ના ૫૮ દર્દીઓ છે.

તો આ તરફ વધતા સંક્રમણને પગલે તંત્ર એલર્ટ જોવા મળી રહ્યુ છે. આરોગ્ય મંત્રીએ જણાવ્યુ હતુ કે તમામ જિલ્લા અને ગ્રામીણ આરોગ્ય કેન્દ્રોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. ઓક્સિજન સાથે તમામ હોસ્પિટલોને એલર્ટ પર રાખવામાં આવી છે. વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે દર ત્રણ કલાકે તૈયારીઓની સમીક્ષા કરવામાં આવશે.

## ગુજરાતના વિદ્યાર્થીઓએ હવે યુનિવર્સિટી કે કોલેજમાં જવું નહિ પડે, કેન્દ્ર સરકાર શરૂ કરશે ડિજિટલ યુનિવર્સિટી

અમદાવાદ,

કેન્દ્ર સરકાર વર્ષાના અંત સુધીમાં ડિજિટલ યુનિવર્સિટી શરૂ કરવાની તૈયારી કરી રહ્યું છે. હવે તમારા મનમાં થશે કે આ વળી ડિજીટલ યુનિવર્સિટીમાં શું ભણાવાશે? તો તમને જણાવી દઈએ કે જે વિદ્યાર્થીઓને ભણવું છે પરંતુ અંતરિયાળ વિસ્તારમાં રહેવાને કારણે કોલેજ કે યુનિવર્સિટીમાં અભ્યાસ નથી કરી શકતા એવા વિદ્યાર્થીઓ માટે ડિજિટલ યુનિવર્સીટી મહત્વપૂર્ણ સાબિત થશે.

જેના અંતર્ગત ગુજરાત યુનિવર્સિટી ખાતે ડિઝાઈન એન્ડ ડેવલપમેન્ટ ઓફ ડિજીટલ કન્ટેન્ટ વિષય પર નેશનલ સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં મુખ્ય અતિથી તરીકે કેન્દ્ર સરકારના સીઈસીના ડાયરેક્ટર જગત ભૂષણ નડ્ડા ઉપસ્થિત રહ્યાં હતા. ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. હિમાંશુ પંડ્યાએ જણાવ્યું કે અંદાજે ૨૫૦થી વધુ ડિજીટલ કન્ટેન્ટ ઈએમઆરસી દ્વારા કરાયું છે. ઈએમઆરસીને ૭ જેટલી ફિલ્મોને નેશનલ એવોર્ડ મળ્યો છે. યુનિવર્સિટી પાસે પણ ઓફલાઈન, એક્સટર્નલ અને ઓનલાઈન એમ ત્રણ પ્લેટફોર્મ પર કોર્સ ઉપલબ્ધ છે.

સીઈસીના ડાયરેક્ટર જગતભૂષણ નડ્ડાએ કહ્યું હતું કે, વિદ્યાર્થીઓએ હવે અભ્યાસ માટે યુનિવર્સિટી કે કોલેજમાં જવું નહિ પડે. વર્ષના અંત સુધીમાં કેન્દ્ર સરકાર ડિજીટલ યુનિવર્સિટી શરુ કરશે. ૨૭ ટકા ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો ૫૦ ટકા થાય તેવી સરકારની ઈચ્છા છે. હાલ દેશમાં ૧૧૦૦ જેટલી યુનિવર્સિટી છે અને ૪૦ થી ૫૦ હજાર કોલેજીસ છે.

જો ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો ડબલ કરવો હોય તો નવી ૧૧૦૦ યુનિવર્સિટી અને બીજી ૪૦ થી ૫૦ હજાર કોલેજીસ બનાવવી શક્ય નથી. જેથી ડિજીટલ એજ્યુકેશન એક માત્ર એવો સોર્સ રહેશે જે લોકો સુધી પહોંચી શકે. જે વિદ્યાર્થીઓ ગ્રામ્ય વિસ્તારમાં રહેવાના કારણે શિક્ષણ નથી લઈ શકતા તેઓ માટે ડિજિટલ એજ્યુકેશન આશીર્વાદરૂપ બનશે. ડિજિટલ યુનિવર્સિટી માટે ૮ કોર્સ તૈયાર કરીને યુજીસીને સબમીટ કરાયા છે. ઈતિહાસ, સોશિયોલોજી, પોલીટીકલ સાયન્સ, સાયકોલોજી, ઈકોનોમિકસ સહિતના ઓનલાઈન કોર્સ તૈયાર કરાયા છે.

## ભરૂચ જિલ્લા ભાજપાના લઘુમતી મોરચાના મહામંત્રી સહિત બે લોકોને જેલની હવા ખાવી પડી

ભરૂચ,

ભરૂચ જિલ્લા ભાજપ લઘુમતી મોરચાના મહામંત્રી જાવીદ મલેક સહિત બે લોકોને જેલની હવા ખાવી પડી છે. આમોદ પોલીસ સ્ટેશનમાં સાડા ત્રણ ૩ વર્ષ પહેલાના ખંડણી, આબરૂ લેવાનો પ્રયાસ તેમજ એટ્રોસિટીની નોંધાયેલી ફરિયાદના મામલામાં આખરે બંનેની ધરપકડ કરવામાં આવી છે. દારૂના હપ્તાની માંગણીને લઈ થયેલી બબાલમાં મામલો પોલીસ ચોપડે ચઢ્યો હતો. આ કિસ્સામાં મેટર હાઈકોર્ટ સુધી પહોંચી હતી જે બાદ આખરે નેતાજી સહીત બે આરોપીઓની આખરે ધરપકડ કરવામાં આવી છે. બનાવની ફરિયાદ મુજબ આમોદના એક ગામે રહેતી આદિવાસી મહિલાના ઘરે નવેમ્બર ૨૦૧૯ માં અકબર બેલીમ તથા જાવીદ મલેક ગયા હતા. ઘરમાં મહિલાને આ બન્નેએ પત્રકાર તરીકેની ઓળખ આપી હતી. મહિલા દારૂ વેચતી હોય હપ્તો માંગ્યો હતો. જે બાદ તકરાર થઈ હતી.

તકરાર દરમ્યાન મહિલા સાથે ઝપાઝપી થતા મહિલાના કપડા ફાડી નખાયા હતા.મહિલાએ બુમાબુમ કરતા સ્થાનિકો દોડી આવ્યા હતા.ઘટના અંગે મહિલાએ આમોદ પોલીસ મથકે ૧૮ નવેમ્બર ૨૦૧૯ ના રોજ ફરિયાદ નોંધાવી હતી. જોકે બન્ને આરોપીઓ હાઈકોર્ટમાંથી તારીખો મેળવી ધરપકડથી બચતા રહેતા હતા. જોકે અંતે આમોદ પોલીસે બન્નેની ધરપકડ કરી છે. વર્ષ ૨૦૨૧ માં પૂર્વ MLA તો પ્રદેશ પ્રમુખને જાવીદ મલેકને હજ કમિટી વકફ બોર્ડ અલ્પ સંખ્યક નાણાં નિગમ બોર્ડમાં સભ્ય બનાવવા ભલામણ પણ કરી હતી.

## રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કુલ ૧૧ સફાઈ કામદારના મોત નિપજ્યા છે

ગાંધીનગર,

ગુજરાતમાં ગટરમાં સફાઈ કરવા ઉતરતા કામદારોના મોત બાદ તેમના પરિવારને કેટલી સહાય આપવામાં આવે છે. તેવો સવાલ કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ કર્યો હતો. તેમના સવાલનો સરકારે લેખિતમાં જવાબ આપતાં કહ્યું હતું કે, રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કુલ ૧૧ સફાઈ કામદારના મોત નિપજ્યા છે. જેમાં હજુ ૫ પરિવારને સહાય આપવામાં આવી છે અને હજુ ૬ સફાઈ કામદારના પરિવારને સહાય આપવાની બાકી છે.

ઈમરાન ખેડાવાલાના સવાલનો લેખિતમાં જવાબ આપતાં સરકારે કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૧થી ૨૦૨૨ સુધીમાં ૭ સફાઈ કામદારોના મોત નિપજ્યા છે. જેમાંથી પાંચ પરિવારના સભ્યોને ૫૦ લાખ રૂપિયાની સહાય કરવામાં આવી છે. જેમાં વ્યક્તિ દીઠ ૧૦ લાખ રૂપિયાની સહાય કરી છે.

સરકારે કહ્યું હતુ કે, વર્ષ ૨૦૨૧થી ૨૩ સુધીમાં કુલ ૬ સફાઈ કામદારના પરિવારને સહાય ચુકવણી બાકી છે. જેમાં પરિવાર દીઠ ૧૦ લાખ રૂપિયા આપવાના છે. જયારે વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩માં કુલ ૪ સફાઈ કામદારના મોત નિપજ્યા છે. જેમને હજુ સહાય ચુકવવામાં આવી નથી.


અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
પરમાર ભારતભાઈ માસુખભાઈ
તરફથી અભીનંદન....
મુ. કુન્લી-નિશાળ ફળિયું, તા. લીમખેડા, જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ધી જય શીવશક્તિ ડાયમંડ આ.ઓ.મં.
તરફથી અભીનંદન....
મુ. પહાડ, તા. લીમખેડા, જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ધી રઈ દુધ ઉત્પાદક સહકારી મંડળી-રઈ શાખા
તરફથી અભીનંદન....
મુ. રઈ, તા. લીમખેડા, જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ધી માન્લી સે.સ. મંડળી-માન્લી શાખા
તરફથી અભીનંદન....
મુ. માન્લી-સહકારી દુકાન ફળીયા, તા. લીમખેડા, જી. દાહોદ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# લુણાવાડાના ધો-૧૨ના વિદ્યાર્થીએ એપેન્ડિક્ષનું ઓપરેશન કરી પરીક્ષા આપી

લુણાવાડા,

ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાનો આરંભ થઈ ગયો છે. લુણાવાડાના ધો-૧૨ના હાજી જી.યુ.પટેલ પરીક્ષા કેન્દ્ર પર એપેન્ડિક્ષનુ ઓપરેશન કરી પરીક્ષા આપી હતી. ઝારા ગામનો વિદ્યાર્થી નાયક ચેતન કિરીટભાઈ લુણાવાડા નગરની કિસાન માધ્યમિક વિદ્યાલયમાં અભ્યાસ કરતો હતો. ધો-૧૨માં અભ્યાસ કરતા ચેતન નાયકને પેટમાં વારંવાર દુઃખાવો થતાં શહેરની હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. ત્યાં તેને એપેન્ડિક્ષનુ ઓપરેશન કરાવવાની જરૂરિયાત ઉભી થઈ હતી. પરીક્ષાના થોડા દિવસો બાકી હોવા છતાં ઓપરેશન કરાવ્યા વગર ચાલે તેમ ન હોવાથી હોસ્પિટલમાં આંતરડુ દુર કરાયુ હતુ. લુણાવાડા શહેરના હાજી.જી.યુ.પટેલ હાઈસ્કુલના સેન્ટર પર પરીક્ષા આપવા આવી પહોંચ્યો હતો. અને બરાબર ચાલતુ ન હોવા છતાં સતત બેસાતુ ન હોવા છતાં વર્ષ બગડે ના તે માટે પરીક્ષાનુ પેપર આપ્યુ હતુ.

## દે.બારીયા સરકારી હોસ્પિટલમાં કોરોના સબ વેરીઅટન્ટનો કેસ આવ્યો હોવાની આશંકા સાચી...???

દે.બારીયા,

કોરોના પર નજર રાખી રહેલા ભારત અને આંતરરાષ્ટ્રીય વિજ્ઞાનીઓએ જણાવ્યુ છે કે, ભારતમાં તાજેતરના સમયમાં કોરોનાના કેસમાં વધારો જોવા મળે તો નવાઈ નહિ તાજેતરમાં કોરોના કેસમાં જોવા મળેલા ઉછાળા પાછળ કોરોના H3N2 વેરીઅન્ટસનો સબ વેરીઅન્ટસને ટ્રેક કરતા આંતરરાષ્ટ્રીય પ્લેટ ફોર્મના અનુસાર આ સબવેરીઅન્ટસના સૌથી વધારે કેસ ભારત સહિત ચાર દેશમાં સૌથી વધારે છે. રાજ્યોમાં આપણા રાજ્યમાં સૌથી વધુ છે. તેવા સમયે દે.બારીયા સરકારી હોસ્પિટલના એક નર્સ એ નામ નહિ જાહેર ન કરવાની શરતે જણાવ્યું છે કે, આપણા સ્થાનિક હોસ્પિટલમાં કોરોના સબવેરીએન્ટસનો કેસ સામે આવ્યો હોવાની આશંકા છે. તેની પુષ્ટી થઈ શકી નથી પરંતુ નગર પાલિકાના કર્મીઓ હોસ્પિટલમાં જોવાયા હતા શું ? સેનેટાઈઝર કરવામાં આવ્યું તેવા અનેક સવાલો ઉપસ્થિત થયા છે. આ સબ વેરીએન્ટસના કેસ સૌથી વધારે ૪૮ જેટલા ભારતના રાજ્યોમાં મહારાષ્ટ્ર તથા ગુજરાત રાજ્યના સૌથી વધુ છે. તે નોંધનીય છે. જેથી જીલ્લાનું આરોગ્ય વિભાગ આ વાતને હળવી ના લે અને તાકીદે તમામ ઉપાયો કરે તેવી આશા છે.

## ગરબાડાના જેસાવાડા પોલીસે ચાર વર્ષથી વોન્ટેડ આરોપીને ઝડપ્યો

ગરબાડા,

ગરબાડા તાલુકાના જેસાવાડા પોલીસે ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલો ચાર વર્ષથી નાસતા ફરતા આરોપીને દબોચી જેલભેગો કર્યો.

મળતી વિગતો અનુસાર ગરબાડા તાલુકાના જેસાવાડા પોલીસ મથકના પી.એસ.આઈ-એમ.એમ.રામી તેમજ પોલીસ સ્ટાફના માણસો સાથે જેસાવાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાસતા ફરતા આરોપીને પકડવા માટે પેટ્રોલીગમાં હતા. તે દરમિયાન પી.એસ.આઈ.-એમ.એમ. રામીને મળેલી બાતમીના આધારે અમદાવાદ ગ્રામ્ય બોપલ પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર.નંબર ૬૦/૨૦૧૯ ઈપીકો કલમ ૪૫૭/૩૮૦ મુજબના ગુના નાસતો ફરતો આરોપી નગરાભાઈ કલિયાભાઈ કટારા ગામ વડવા કટારા ફળિયા ખાતે તેના ઘરે આવેલ બાતમીના આધારે જેસાવાડા પોલીસના સર્વેલન્સ સ્કોડે આરોપીને તેના ઘરેથી દબોચી પકડી પાડી જેસાવાડા પોલીસ મથકે લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આમ, જેસાવાડા પોલીસને ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલા છેલ્લા ચાર વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી હતી.

# દાહોદ ટ્રેડિંગ કંપનીના માલિકને ચેક રીર્ટન કેસમાં ૧ વર્ષની સજા ફટકારી

દાહોદ,

દાહોદ શહેરમાં એક ટ્રેડિંગ કંપનીના માલિકને દાહોદના મે. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સાદી કેદની સજા તેમજ છ લાખ ઉપરાંતનો દંડ ફટકારવાનો હુકમ કરતા કોર્ટ સંકુલમાં સન્નાટો પ્રસરી જવા પામ્યો હતો.

દાહોદ શહેરમાં રહેતા અને દાહોદના દેલસર મુકામે આવેલ જીઆઈડીસી ખાતે આલ્ફા ઈન્ડસ્ટ્રીઝ ધરાવતા માલિક અને પ્રોપરાઈટર એવા બુરહાનભાઈ મોસીનભાઈ ટીનવાલા જેઓ હાર્ડવેરને લગતો વેપાર ધંધો કરે છે. જેઓની પાસેથી દાહોદ શહેરમાં વિનાયક ટ્રેડિંગ કંપનીના માલિક અને પ્રોપરાઈટર પ્રિતેશભાઈ એન. સુથારે પોતાના ઉપરોક્ત ટ્રેડિંગ કંપનીના નામથી છૂટક માલ સામાન વેચવાનો વેપાર ધંધો કરે છે. તેઓએ ૨૦૧૮ના વર્ષ ગાળા દરમિયાન આલ્ફા ઈન્ડસ્ટ્રીઝ ધરાવતા માલિક અને પ્રોપરાઈટર એવા બુરહાનભાઈ મોસીનભાઈ ટીનવાલા પાસેથી રૂપિયા ૩,૯૧,૧૪૦/નો માલ સામાન ખરીદ્યો હતો. જે રકમ ચૂકવવા માટે વિનાયક ટ્રેડિંગ કંપનીના માલિક અને પ્રોપરાઈટર પ્રિતેશભાઈ એન. સુથારે પોતાના નામનો બેંક ઓફ બરોડાનો ઉપરોક્ત રકમનો ચેક બુરહાનભાઈ મોસીનભાઈ ટીનવાલાને ભરી આપ્યો હતો. આ ચેક બુરહાન ભાઈએ પોતાની બેંકમાં નાખતા આ ચેક બાઉન્સ થયો હતો અને રિટર્ન આવ્યો હતો. જે સબબ બુરહાનભાઈ એ પ્રિતેશભાઈને અવારનવાર રજૂઆત કરી પોતાના નાણા ચૂકવી દેવા જણાવ્યું હતું પરંતુ પ્રિતેશભાઈ નાણા ચૂકવવા માટે ગલ્લા તલ્લા કરતા હતા. ત્યારે આખરે બુરહાનભાઈએ પોતાની સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત થયો હોવાનો અહેસાસ થતાં તેઓએ પ્રિતેશભાઈ વિરૂદ્ધ કોર્ટમાં કેસ દાખલ કરી દીધો હતો. આ કેસ દાહોદના મે.ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતાં આ કેસનો ચુકાદો કચરો જ આવ્યો હતો અને જેમાં કોર્ટ દ્વારા પ્રિતેશભાઈ એન. સુથારને દોષી ઠેરવી પ્રિતેશભાઈને એક વર્ષની સાદી કેદની સજા તેમજ રૂપિયા ૬,૩૬,૬૯૨/- નો દંડનો હુકમ કર્યો હતો અને જો દંડની રકમ નહીં ભરે તો વધુ છ માસની સાદી કેદની સજા ફટકારી હતી.

### ભારતીય વાયુ સેનામાં જોડાવા માટે અમુલ્ય તક

# ઉમેદવારો ભારતીય હવાઈદળ (ઈન્ડીયન એર ફોર્સ)માં અગ્નિવીરવાયુ તરીકે પોતાની કારકિર્દી બનાવી શકે છે

ગોધરા,

ભારતીય વાયુ સેનામાં અગ્નિવીરવાયુ તરીકે જોડાવા માટે રાજ્યના અપરણિત પુરૂષ અને મહિલા ઉમેદવારો ભાગ લઈ શકે છે.આ માટે ઉમેદવારો તા.૧૭/૦૩/૨૦૨૩ થી તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીમાં ઑનલાઈન અરજી કરી શકે છે. વાત કરીએ શૈક્ષણિક લાયકાતની તો અગ્નિવીરવાયુ જગ્યા માટેની લાયકાત ઈન્ટરમીડીયેટ/૧૦+૨/સમક્ષ સાથે ગણિત,ફિઝીક્સ અને અંગ્રેજી સાથે માન્ય બોર્ડ સાથે ૫૦ ટકા માર્ક્સ મેળવેલ હોવા જોઈએ તથા અંગ્રેજી વિષયમાં ૫૦ ટકા માર્ક્સ હોવા જોઈએ અથવા ત્રણ વર્ષનો ડીપ્લોમાં એન્જીનીયરીંગ કોર્સ (મિકેનિકલ/ઈલેક્ટ્રીકલ/ઈલેટ્રોનિક્સ/ ઓટોમોબાઈલ/ કોમ્પ્યુટર સાયન્સ/ ઈસ્ટુમેન્ટેશનટેકનોલોજી/ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી/ માન્ય પોલિટેકનિક ઈન્સ્ટીટ્યુટ સાથે ૫૦ ટકા માર્ક્સ અંગ્રેજી વિષયમાં ડિપ્લોમા કોર્સ અથવા ઈન્ટરમિડિયેટ/મેટ્રીક્યુલેશનમાં હોવા જોઈએ. અથવા બે વર્ષનો વોકેશનલ કોર્સ સાથે નોન-વોકેશનલ વિષય ફિઝીક્સ અને ગણિત માન્ય સ્ટેટ એજ્યુકેશન બોર્ડ સાથે ૫૦ ટકા માર્ક્સ મેળવેલ હોવા જોઈએ તથા અંગ્રેજી વિષયમાં ૫૦ ટકા માર્ક્સ વોકેશનલ કોર્સ સાથે અથવા ઈન્ટરમિડિયેટ/મેટ્રીક્યુલેશનમા હોવા જોઈએ.

ઉમેદવારોની વયમર્યાદામાં ૨૬ ડિસેમ્બર ૨૦૦૨ અને ૨૬ જૂન ૨૦૦૬ બંને તારીખની વચ્ચેના સમયગાળામાં જન્મ થયેલો હોવો જોઈએ. પુરૂષ ઉમેદવારો માટે ૧૫૨.૫ સે.મી ઉંચાઈ અને સ્ત્રી ઉમેદવારો માટે ૧૫૨ સે.મી ઉંચાઈ હોવી જોઈએ.

વધુ માહિતી માટે ઉમેદવારો ઓનલાઈન વેબસાઈટ https://agnipathvayu.cdac.in ઉપર જોઈ શકશે. તેમજ આ ભરતી રેલી સંદર્ભે ભારતીય વાયુસેનાની વેબસાઈટ પર પ્રસિદ્ધ થયેલ જાહેરાતમાં દર્શાવેલ માહિતી આખરી રહેશે તેમ રોજગાર અધિકારી, ગોધરાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.


## મોરવા(હ)ના સાલીયા ખાતે લગ્નન બે દિવસ બાદ પરિણિતાએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

શહેરા,

મોરવા(હ)ના સાલીયા(સંતરોડ)ખાતે લગ્નના બે દિવસ બાદ ૨૧ વર્ષની પરિણિતાએ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી.

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના મોરા ડુંગરા નવી વસાહતના ડેઝર ફળિયામાં રહેતા અરવિંદભાઈ નાનજીભાઈ જાલૈયાની ૨૧ વર્ષની પુત્રી નામે ઉર્વશી જેના લગ્ન બે દિવસ અગાઉ મોરવા(હ) તાલુકાના સાલીયા (સંતરોડ)ગામે આવેલ શિવશક્તિ સોસાયટીમાં રહેતા સતીશભાઈ લક્ષ્મણભાઈ ભાભોર સાથે સમાજના રિતી રિવાજ મુજબ થયા હતા.ઉર્વશીએ લગ્નના માત્ર બે જ દિવસ બાદ કોઈ અગમ્ય કારણોસર સંતરોડ ખાતે આવેલ મકાનના ઉપરના માળે આવેલા રૂમમાં સિલીંગના હુક સાથે સાડી વડે ગળેફાંસો ખાઈ આપઘાત કરી પોતાનુ જીવન ટુંકાવ્યુ હતુ. બનાવની જાણ ઉર્વશીના પિતા અરવિંદભાઈ જાલૈયા સહિતના પરિવારજનોને થતાં બનાવ સ્થળે પહોંચી બનાવ સમગ્ર મામલે યુવતિના પિતા અરવિંદભાઈએ સાલીયા આઉટ પોલીસ સ્ટેશનમાં કરતા પોલીસ ઘટના સ્થળે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# સિસોદિયા પર CBIનો વધુ એક શકંજો : એક્સાઈઝ પોલીસી બાદ હવે આ મામલે FIR દાખલ



નવીદિલ્હી,

આમ આદમી પાર્ટીના નેતા મનીષ સિસોદિયાની મુશ્કેલીઓ વધી રહી છે. હવે સીબીઆઈએ જાસૂસી કેસમાં સિસોદિયા વિરુદ્ધ કેસ નોંધ્યો છે. CBIએ ફીડબેક યુનિટ કેસમાં સિસોદિયા સામે ગુનો નોંધ્યો છે. આરોપ છે કે, આમ આદમી પાર્ટીએ વર્ષ ૨૦૧૫ની આસપાસ ફીડબેક યુનિટ તૈયાર કર્યું હતું. આ ફીડબેક યુનિટમાંથી ઘણા લોકોની જાસૂસી કરવામાં આવી હતી. એવો પણ આરોપ છે કે, આ યુનિટમાં ભરતી માટે એલજી પાસેથી કોઈ પરવાનગી લેવામાં આવી ન હતી. દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ અને આમ આદમી પાર્ટીના નેતા સિસોદિયાની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી.સીબીઆઈએ સિસોદિયા પર આ બીજી એફઆઈઆર નોંધી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે સીબીઆઈએ આ એફઆઈઆરમાં મનીષ સિસોદિયાને આરોપી નંબર-૧ ગણાવ્યો છે. CBIએ ૧૪ માર્ચે કેસ નોંધ્યો હતો. સિસોદિયા પર ગુનાહિત ષડયંત્ર, અપ્રમાણિક રીતે સંપત્તિની ગેરરીતિ, છેતરપિંડી અને ભ્રષ્ટાચારના આરોપો છે. તપાસ એજન્સીએ આ મામલે અન્ય ૫ લોકોનો ઉલ્લેખ પણ પોતાની FIRમાં કરવામાં આવ્યો છે.

જેમાં આઈઆરએસ અધિકારી સુકેશ કુમાર જૈન સામેલ છે. સુકેશ જૈન તે સમયે દિલ્હી સરકારમાં વિજિલન્સ સચિવ હતા. આ સિવાય સીઆઈએસએફના નિવૃત્ત ડીઆઈએસ રાકેશ કુમાર સિન્હાનું પણ આ એફઆઈઆરમાં નામ છે. રાકેશ કુમાર સિન્હાને ફીડબેક યુનિટ પર દિલ્હીના મુખ્યમંત્રીના વિશેષ સલાહકાર અને ફીડબેક યુનિટના જોઈન્ટ ડાયરેક્ટર બનાવવામાં આવ્યા હોવાનું કહેવાય છે.

એફઆઈઆર પ્રદીપ કુમાર પુંજનું નામ છે. પ્રદીપ કુમાર એફબીયુના ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે કામ કરતા હોવાનું કહેવાય છે. આમાં સીઆઈએસએફના પૂર્વ આસિસ્ટન્ટ કમાન્ડન્ટ સતીશ ક્ષેત્રપાલનું નામ પણ છે, તેમણે આ યુનિટમાં ફીડબેક ઓફિસર તરીકે કામ કર્યું હતું. આ સિવાય આ એફઆઈઆરમાં ગોપાલ મોહનનું નામ પણ છે. એલજી વીકે સકસેનાએ આ મામલે ઝડપી તપાસની ભલામણ કરી હતી, જે બાદ ગૃહ મંત્રાલયે સીબીઆઈને તપાસનો આદેશ આપ્યો હતો. જ્યારે આ મામલે સીબીઆઈ તપાસને મંજૂરી આપવામાં આવી હતી, તે જ સમયે આપ નેતાઓએ આકરી પ્રતિક્રિયા આપી હતી અને કહ્યું હતું કે સિસોદિયાને ખોટા કેસમાં ફસાવવામાં આવી રહ્યા છે. આ પહેલા સીબીઆઈએ દિલ્હીના કથિત એક્સાઈઝ પોલિસી કૌભાંડમાં મનીષ સિસોદિયા વિરુદ્ધ કેસ નોંધ્યો હતો. સિસોદિયાની ૨૬ ફેબ્રુઆરીએ પૂછપરછ બાદ આ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી ત્યારથી સિસોદિયા જેલમાં બંધ છે.

# રાહુલે કહ્યું- મારું બોલવાનું ભાજપને પસંદ નથી : રાહુલ લંડનમાં આપેલા નિવેદન પર માફી માગવા પર કહ્યું-જો સંસદમાં બોલવાની તક મળે તો હું મારી વાત રાખીશ



નવીદિલ્હી,

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ ગુરુવારે સંસદની કાર્યવાહીમાં સામેલ થયા હતા. રાહુલે લંડનમાં તેમના નિવેદનને લઈને મીડિયા સાથે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે 'હું લંડનમાં ભારતની વિરુદ્ધ કંઈ બોલ્યો જ નથી. જો સંસદમાં બોલવાની તક મળે તો હું મારી વાત રાખીશ.' આગળ તેમણે વધુમાં કહ્યું હતું કે 'મારું બોલવું ભાજપને પસંદ નથી આવતું.'

આની પહેલાં ગુરુવારે સવારે ૧૧ વાગે સાંસદની કાર્યવાહી શરૂ થતાં જ બન્ને સદનોને ૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવાયાં હતાં. બપોરે ફરી કાર્યવાહી શરૂ થવા પર હંગામો થતાં બન્ને સદનોને આખા દિવસ માટે ફરી સ્થગિત કરી દેવાયાં હતાં.આની પહેલાં કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજૂએ કહ્યું હતું કે 'જો રાહુલ ગાંધી કંઈ બોલે છે, તો તેમના કારણે કોંગ્રેસની મુશ્કેલીઓ વધે છે, તો આ મામલે અમે કંઈ ના કરી શકીએ. પરંતુ જો તેઓ દેશનું અપમાન કરશે, તો એક ભારતીય હોવાથી અમે ચૂપ નહીં રહીએ.' તેમણે રાહુલને આ મામલે માફી માગે તેવી પણ માગ કરી હતી.આના પર કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે 'આની પહેલાં પણ ઘણીવાર મોદીએ વિદેશ જઈને દેશની વિરુદ્ધ બોલ્યા છે. ત્યારે એવો સવાલ જ ઊભો નથી થતો કે રાહુલ પોતાના નિવેદનને લઈને માફી માગે.'

દિગ્વિજય સિંહે કહ્યું હતું કે 'રાહુલજીએ લંડનમાં એવું તે શું કહી દીધું કે તેમણે ભારતમાં નથી કહ્યું. પીએમ ખુદ પણ પાછલી સરકારો લઈને કહ્યું છે કે પહેલા ભારતમાં તેમને જન્મ લેવામાં શરમ આવતી હતી. શું આ દેશની ઈજ્જત કાઢી ગણાય નહીં? આ આખો મુદો અદાણી મામલે સંસદીય કમિટીની રચના માટે ચર્ચાઓથી બચવા માટે છે.'પવન ખેરાએ કહ્યું હતું કે 'જ્યારે પણ કોંગ્રેસ અદાણી મુદ્દે પાર્લિયામેન્ટ્રી કમિટી બનાવવાની માગ કરે છે, તો ધ્યાન ભટકાવવા માટે ભાજપ સત્ર સ્થગિત કરી દે છે. ભાજપને ડર છે કે ક્યાંક સદનમાં કોઈ અદાણીનું નામ ના લઈ લે.'

ચોથા દિવસના સત્ર શરૂ થતાં પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંસદમાં અમુક મંત્રીઓ સાથે બેઠક કરી હતી. જેમાં રાજનાથ સિંહ, પીયૂષ ગોયલ, અનુરાગ ઠાકુર, કિરણ રિજિજૂ અને પ્રહ્લાદ જોશી સામેલ છે. તો, સમાન વિચારધારા ધરાવનાર વિપક્ષી દળોના નેતા મલ્લિકાર્જુન ખડગેના ઑફિસમાં મિટિંગમાં સામેલ થયા હતા.

સંસદના ત્રીજા દિવસે પણ ભાજપ અને કોંગ્રેસની વચ્ચે રાહુલ અને અદાણી મુદ્દે ખૂબ જ ટકરાવ થયો હતો. ભાજપે જ્યાં એકવાર ફરી લંડનમાં રાહુલ ગાંધીના નિવેદનને લઈને માફી માગે તેવી માગ કરી હતી. તો કોંગ્રેસ અને વિપક્ષી દળોએ અદાણી-હિંડનબર્ગ રિપોર્ટની JPC પાસેથી તપાસની માગને લઈને હંગામો ઊભો કર્યો હતો.અંતે હંગામાના કારણે બન્ને સદનોની કાર્યવાહી બપોરે બે વાગ્યા સુધી સ્થગિત કરી દેવાઈ છે. ૨ વાગે કાર્યવાહી ફરી શરૂ થઈ હતી અને ફરી હંગામો થયો હતો. આ પછી બન્ને સદનોને ગુરુવાર સુધી સ્થગિત કરી દેવાઈ હતી. સત્ર સ્થગિત થતાં જ બધા જ માર્ચ પર નીકળ્યા હતા, પરંતુ પોલીસે તેમને ED ઑફિસથી અઢી કિલોમીટર દૂર વિજય ચોક પર જ રોકી દીધા હતા. સાંસદ ED ઑફિસ ના જઈ શક્યા. અંદાજે ૨૫ મિનિટ સુધી વિજય ચોક પર જ પ્રદર્શન કર્યા પછી બધા નેતા સંસદ તરફ પરત ફર્યા હતા.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું હતું કે 'સરકારે ૨૦૦ સાંસદોને રોકવા માટે ૨ હજાર પોલીસકર્મીઓને લગાવ્યા હતા. તેઓ વાત લોકતંત્રની કરે છે, પરંતુ અમને શાંતિપૂર્ણ પ્રદર્શન કરતા પણ રોકવામાં આવે છે. અમે તો માત્ર EDની ઑફિસ જઈને અદાણી મામલે ડિટેઈલ ઈન્વેસ્ટિગેશન માટે ફરિયાદ ચિઠ્ઠી દેવા માગતા હતા. અમને રોકવું તે કયું લોકતંત્ર છે!' પ્રદર્શનમાં શરદ પવારની NCP અને મમતા બેનર્જીની ના સાંસદ સામેલ થયા નહોતા. સંસદ જ્યારે બે વાગે ફરી શરૂ થયું તો ફરી એકવાર આ જ મુદ્દાઓ પર હંગામો શરૂ થઈ ગયો હતો. ત્યારે આ સતત ત્રીજા દિવસે રાજ્યસભા અને લોકસભા ગુરુવાર સવાર ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરી દીધું હતું.મમતા બેનર્જીના સાંસદોએ મોંઘવારી અંગે ગાંધી પ્રતિમા સામે સરકાર વિરુદ્ધ પ્રદર્શન કર્યુ હતું.

અદાણી મામલે અને ED-CBIની કાર્યવાહીને લઈને મમતા બેનર્જીની પાર્ટી TMCના સાંસદ કોંગ્રેસ અને વિપક્ષના અન્ય દળોથી અલગ પ્રદર્શન કરી રહ્યા હતા. આના પર TMC સાંસદ સુદીપ બંધોપાધ્યાયએ જણાવ્યું હતું કે સત્તા પક્ષ હોય કે મુખ્ય વિપક્ષી દળ, બન્ને એકબીજાની વિરુદ્ધ છે. બંગાળમાં કોંગ્રેસ પાર્ટી ભાજપ અને CPMની સાથે મળી ગઈ છે. એટલે જ અમે કોંગ્રેસ નેતાઓએ બોલાવેલી બેઠકમાં સામેલ થયા નહોતા.

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે સંસદમાં રાહુલ ગાંધીની હાજરીમાં મંગળવારે સવાલ ઉઠાવ્યો હતો. બુધવારે એવા સમાચાર આવ્યા કે રાહુલ વિદેશથી પરત ફર્યા છે. થોડીવાર પછી રાહુલે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી અને એકવાર ફરી અદાણીના બહાને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું હતું.

રાહુલે લખ્યું હતું કે 'ભારતની મિસાઈલ અને રડાર અપગ્રેડ કોન્ટ્રેક્ટ અદાણીની માલિકીનું કંપની અને ઈલારા નામની એક સંદિગ્ધ વિદેશી સંસ્થાને આપી છે. ઈલારાને કોણ કેન્ટ્રોલ કરે છે? અજાણી વિદેશી કંપનીઓને ભારતના રણનૈતિક રક્ષા ઉપરકરણોના નિયંત્રણ દઈને રાષ્ટ્રીય સુરક્ષા સાથે ચેડાં કરવામાં આવ્યા છે?'

## આપની આજ.......

મેષ : પારિવારિક વાતાવરણ સુખદ તથા પ્રેમ પૂર્ણ રહી શકે છે. રાજકીય કાર્યોમાં કોઈ મહત્ત્વપૂર્ણ વ્યક્તિની મદદ મળી શકે છે. કોઈ વિવાદિત મામલો કોઈની દખલ દ્વારા ઉકેલાઈ શકે છે.

વૃષભ : અકારણ કોઈ વિવાદમાં પડશો નહીં. આજે કંઈક નવું કરવાની ઈચ્છા અને જોશ રહેશે. પારિવારિક પરિસ્થિતિઓ સુખદ અને સુખમય રહેશે. રાજનૈતિક અને મહત્ત્વપૂર્ણ લોકો સાથે સંપર્ક વ્યવસાયમાં નવા કરાર પ્રાપ્ત થશે.

મિથુન : આજે મોટાભાગનો સમય માર્કેટિંગને લગતા કાર્યોમાં પસાર થશે. આજે સ્વાસ્થ્યમાં થોડી નબળાઈ અને થાક અનુભવ થશે. ઘરમાં થોડી સુખ-સુવિધાઓને લગતી વસ્તુઓની ખરીદદારી થશે.

કર્ક: કાર્યસ્થળમાં કોઈ મુશ્કેલી આવવાથી કોઈ અનુભવી વ્યક્તિનું માર્ગદર્શન અને સલાહ તમારા માટે ઉપયોગી રહેશે. પ્રેમ સંબંધમાં ભાવનાત્મક સ્તર ગાઢ બનશે. અચાનક જ કોઈ ખર્ચ સામે આવવાથી આર્થિક સ્થિતિ ખરાબ થઈ શકે છે.

સિંહ : નોકરી કે વ્યવસાયમાં કોઈ પ્રકારે પેપરને લઈને ગડબડી થઈ શકે છે. આ સમયે ઘરના કોઈ વડીલ સભ્યના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી છે. તમારા ભાવી લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે યોગ્ય રીતે કામ કરવાની તમારી રીત સફળ થશે.

કન્યા : દિવસની શરૂઆતમાં થોડો તણાવ રહી શકે છે. પતિ-પત્નીના સંબંધોમાં મધુરતા રહેશે. ધનના લાભ સાથે-સાથે વ્યયની પણ સ્થિતિ બની શકે છે.

તુલા : જીવનસાથી સાથે ઘરની વ્યવસ્થાને લઈને થોડો તણાવ રહી શકે છે. કોઈ વસ્તુના ખોવાઈ જવાથી કે રાખીને ભૂલી જવાની સ્થિતિ બની શકે છે. સ્વાસ્થ્ય સારું રહેશે.

વૃશ્ચિક : કોઈ જૂના મિત્ર સાથે મુલાકાત થવાથી તમે ફ્રેશ રહેશો. વ્યવસાયમાં આ સમયે આર્થિક સ્થિતિ અનુકૂળ રહેશે. પારિવારિક મામલાઓને શાંતિથી ઉકેલો. થોડી નકારાત્મક વાતો પણ સામે આવી શકે છે.

ધનુ : જીવનસાથીનો ઘર-પરિવાર પ્રત્યે પૂર્ણ સહયોગ રહેશે. તમારા ઈગો અને ગુસ્સા જેવી ખામીઓ ઉપર કાબૂ મેળવવાની કોશિશ કરો. વ્યક્તિગત વ્યસ્તતાના કારણે કાર્યક્ષેત્રમાં વધારે ધ્યાન આપી શકશો નહીં.

મકર : આજનો દિવસ તમને અનેક રીતે સફળતા આપનાર રહેશે. પ્રેમ સંબંધ વધારે ગાઢ બનશે. શરદી, તાવ વગેરે થઈ શકે છે. તમારી કાર્યપ્રણાલીમાં ફેરફાર વ્યવસાય માટે પોઝિટિવ રહેશે. આજનો દિવસ તમને અનેક રીતે સફળતા આપનાર રહેશે.

કુંભ : પતિ-પત્ની એકબીજાની ભાવનાઓનું સન્માન કરશે. કામકાજમાં તમે વ્યસ્ત રહી શકો છો. કામ વધારે હોવા છતાં તમે ઘર-પરિવાર માટે પણ સમય કાઢી લેશો.

મીન : વ્યવસાયિક બધા જ કાર્યો યોગ્ય રીતે ચાલતાં રહેશે. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. આ સમયે તમારા વ્યવહારને સહજ જાળવી રાખો તો સારું રહેશે. આજે તમે યોજનાબદ્ધ રીતે તમારી કાર્યપ્રણાલી બનાવશો અને સફળ પણ રહેશો.


# દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## દાહોદ DEO બોર્ડની પરીક્ષા ટાંણે જ પ્રમાણિકતાની પરીક્ષામાં નાપાસ : નો ડ્યુ સર્ટીમાં સહી કરવા માટે ૧૦ હજારની લાંચ લેતાં ઝડપાયા

દાહોદ,

દાહોદની જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં એસીબીએ સફળ ટ્રેપ કરી મહિલા જિલ્લા શિક્ષણાધિકારીને ૧૦ હજાર રૂપિયાની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા છે. ફરિયાદી પાસે પેન્શન કેસના કાગળોમાં કોઈ લેણા બાકી ન હોવા બાબતના પ્રમાણપત્રમાં સહી કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીએ લાંચની રકમ માગી હતી. ફરિયાદી લાંચ આપવા માગતા ન હોય એસીબીમાં ફરિયાદ કરતા એસીબીએ છટકું ગોઠવી ક્લાસ વન અધિકારીને આજે પોતાની કચેરીમાં જ લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા.



શિક્ષણ વિભાગના એક કર્મચારી નિવૃત્ત થવાના હતા. તેઓએપેન્શન કેસમાં કોઈ પણ પ્રકારના નાંણા બાકી ન હોવાના પ્રમાણપત્રમાં જિલ્લા શિક્ષણાધિકારી કાજલ દવેની સહી લેવાની હતી.આ સહી કરી આપવા માટે તેમણે ફરિયાદી પાસે રૂ.૧૦,૦૦૦ની માંગણી કરી હતી પરંતુ ફરિયાદી આ નાંણા આપવા માંગતા ન હોઈ તેમણે દાહોદ એસીબીમાં ફરિયાદ કરી હતી. તેના આધારે એસીબીના પી.આઈ.કે.વી. ડીંડોરની ટીમે છટકુ ગોઠવ્યું હતું. ત્યારે જિલ્લા શિક્ષણાધિકારી ફરિયાદી સાથે લાંચ અંગેનો વાર્તાલાપ કરીને રૂપિયા ૧૦,૦૦/-૦ની લાંચની માંગણી કરી સ્વીકારતાં રંગે હાથ ઝડપાઈ ગયા હતા.

દાહોદ જિલ્લામાં મહિલા ક્લાસવન અધિકારી ૧૦ હજાર રૂપિયાની લાંચ લેતા ઝડપાતા એસીબીએ ડીટેઈન કરી વધુ તપાસ હાથ ધરી છે. તો બીજી તરફ એસીબીની કાર્યવાહીના પગલે જિલ્લામાં લાંચિયા કર્મચારીઓ અને અધિકારીઓમાં ફફડાટ ફેલાયો છે.

હાલમાં બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે અને ધોરણ ૧૦માં ગણિતની પરીક્ષા છે. ત્યારે જ જિલ્લા શિક્ષણાધિકારી પ્રમાણિકતા અને કર્તવ્યનિષ્ઠાની પરીક્ષામાં નાપાસ થઈ ગયા છે. ત્યારે પરીક્ષાની અગત્યની કામગીરી પ્રભાવિત ન થાય તેના માટે ઈન્ચાર્જ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુર પારેખને દાહોદ જિલ્લા શિક્ષણાધિકારીનો વધારાનો હવાલો તાત્કાલિક અસરથી સુપ્રત કરી દેવામાં આવ્યો છે.

## ગરબાડાના અભલોડ ગામે વાવાઝોડાને રોડ ઉપર ઝાડ રાહદારી પર પડતાં ૪૦ વર્ષીય વ્યકિતનું મોત

દાહોદ,

ગઈકાલે બપોરના સમયે વાવાઝોડું ફુંકાવાને કારણે ગરબાડાના અભલોડ ગામે રેંજીયા ફળિયા પાસે રસ્તાની સાઈડમાં આવેલ સુકુ ઝાડ તે રસ્તેથી પસાર થઈ રહેલા ૪૦ વર્ષીય રાહદારીની ઉપર પડતાં ગંભીર ઈજાઓ થતાં તેનું મોત નિપજયાનું જાણવા મળ્યું છે.

ગરબાડા તાલુકાના ગુલબાર ગામના સરપંચ ફળીયાના ૪૦ વર્ષીય ઈશ્વરભાઈ હુસનભાઈ મંડોડ ગઈકાલ બપોરના સમયે તેમના ઘરેથી સામાજીક પ્રસંગમાં હાજરી આપવા પગપાળા ખજુરીયા ગામે જઈ રહ્યા હતા. તે દરમ્યાન અચાનક કુદરતી વાવાઝોડુ ફુંકાયું હતું અને અભલોડ ગામના રેંજીયા ફળીયા પાસે દાહોદ-જેસાવાડા હાઈવે રોડની સાઈડમાં આવેલ સુકુ ઝાડ અચાનક ઈશ્વરભાઈ મંડોડની ઉપર પડતાં તેને છાતીના ભાગે તથા ગળાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેને સારવાર માટે તાબડતોબ નજીકના સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત નિપજ્યું હતું.

આ સંબંધે ગુલબાર સરપંચ ડુંગરા ફળિયાના શંકરભાઈ ભગવાનભાઈ મંડોડે જેસાવાડા પોલીસ સ્ટેશને જાણ કરતા પોલીસે આ મામલે સી.આર.પી.સી. ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ચીફ ઓફિસરોના રાજયવ્યાપી બદલીઓના દોરમાં દાહોદ નગરપાલિકાના ચીફ ઓફિસર બદલાયા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ગુજરાત સરકારે રાજ્યપાલના હુકમના અનુસંધાને ૪૨ જેટલા ચીફ ઓફિસરોની સામૂહિક અરસપરસ બદલીઓનો કરવામાં આવી છે. જેમાં દાહોદના ચીફ ઓફિસરની અન્ય જગ્યાએ બદલી કરી દેવામાં આવી છે અને છેલ્લા લાંબા સમયથી ઝાલોદ નગરપાલિકામાં કાયમી ચીફ ઓફિસરની નિયુક્તિ કરવામાં આવતી નથી. તો આ બદલીઓના દોરમાં પણ ઝાલોદ નગરપાલિકામાં કાયમી ચીફ ઓફિસરની નિયુક્તિની બાદબાકી કરવામાં આવી છે.

ગુજરાત સરકારે મહામહિમ રાજ્યપાલના હુકમના અનુસંધાને રાજ્ય ભરમાં વિવિધ નગરપાલિકાઓમાં ફરજ બજાવતા ૪૨ જેટલા ચીફ ઓફિસરોની બદલીઓનો ગંજીફો ચીપાતા દાહોદ નગરપાલિકાના ચીફ ઓફિસર કમલકાંત પ્રજાપતિની બદલી મહેમદાબાદ નગરપાલિકાના ચીફ ઓફિસર તરીકે કરી દેવામાં આવી છે. તો થોડા સમય પહેલા જ દાહોદ નગરપાલિકાના ચીફ ઓફિસર તરીકે ફરજ બજાવી જામ ખંભાળિયા ખાતે બદલી થઈને ગયેલા યશપાલસિંહ વાઘેલાની પુનઃ દાહોદ નગરપાલિકાના ચીફ ઓફિસર તરીકે નિયુક્તિ કરવામાં આવી છે, તો બીજી તરફ છેલ્લા લાંબા સમયથી ઝાલોદ નગરપાલિકામાં કાયમી ચીફ ઓફિસરની નિયુક્તિ કરવામાં આવતી નથી એના પગલે નગરપાલિકાના યોજનાકીય કામો ખોરંભે પડ્યા છે. તો આ બદલીઓના દોરમાં ઝાલોદ નગરપાલિકાના કાયમી ચીફ ઓફિસરની નીયુક્તિ અંગે ફરી એક વખત બાદબાકી થતા તરેહ તરેહની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

## ભારતીય રેલવે રતલામ, ઉજ્જૈન, ઈન્દોર સહિત ૬ ઝોનમાં ૨૦ આધાર કાઉન્ટર ખોલવામાં આવશે

- રેલવે યાત્રીઓ તેમાં સુધારા પણ કરી શકશે.
- મુસાફરી દરમિયાન સ્ટેશન પર આધાર કાર્ડ બનાવી શકાય છે.

### પશ્ચિમ રેલવે ૬ ઝોનમાં ક્યાં આધાર કેન્દ્રો ખુલશે....

- રતલામ રતલામ, ઈન્દોર, ઉજ્જૈન.
- મુંબઈ- ચર્ચગેટ, દાદર, અંધેરી, બોરીવલી, વસઈ રોડ, નાલા સોપારા, વિરાર, સુરત. વડોદરા- વડોદરા, ભરૂચ, આણંદ જંકશન.
- અમદાવાદ-અમદાવાદ, પાલનપુર જંકશન, ગાંધીધામ રાજકોટ-. રાજકોટ, સુરેન્દ્રનગર ભાવનગર ભાવનગર.

### ટ્રેનિંગ લીધા બાદ આધાર અપડેટનું કામ માત્ર રેલવે કર્મચારીઓ જ કરશે

સારી વાત એ છે કે, રેલવે કર્મચારીઓ સ્ટેશનો પર આ આધાર કાઉન્ટરોનું સંચાલન કરશે. આ માટે યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા રેલવેમેનને ટ્રેનિંગ આપશે. લોકેશન સિલેક્ટ થતાં જ રેલવે કર્મચારીઓને ટ્રેનિંગ પર મોકલશે. સંભવતઃ મે મહિનાથી રતલામ ડિવિઝનના ત્રણેય સ્ટેશનો પર આધાર કાઉન્ટર કાર્યરત થઈ જશે. ખાસ વાત એ છે કે, આ કાઉન્ટર્સ પર નવા આધાર કાર્ડ અને ફરજિયાત આધાર અપડેટનું કામ સંપૂર્ણપણે મફત હશે. મોબાઈલ નંબર અપડેટ કરવા, ઘરનું સરનામું બદલવા માટે ન્યૂનતમ ચાર્જ વસૂલવામાં આવશે. પ્રથમ કેન્દ્ર ગુવાહાટીમાં ખોલવામાં આવ્યુંઃ પાયલોટ પ્રોજેક્ટના ભાગરૂપે, રેલ્વેએ ગુવાહાટી સ્ટેશન પર દેશમાં પ્રથમ આધાર કાર્ડ કેન્દ્ર ખોલ્યું. તેની સફળતા બાદ રેલ્વે ધીરે ધીરે આ સુવિધાને સમગ્ર દેશમાં વિસ્તારી રહી છે.

દાહોદ,

ટ્રેનમાં મુસાફરી કરતા મુસાફરો હવે પ્રવાસ દરમિયાન પણ બનાવેલ નવું આધાર કાર્ડ મેળવી શકશે અથવા જૂના કાર્ડમાં સુધારો કરી શકશે. ભારતીય રેલવેના ડિજિટલ ઈન્ડિયા મૂવમેન્ટ હેઠળ આ શક્ય બનશે. જેમાં રેલવે સ્ટેશનો પર આધાર કાઉન્ટર ખોલવામાં આવી રહ્યા છે.

આમાં આધાર કાર્ડ સંબંધિત સેવાઓ ઉપલબ્ધ થશે. પ્રથમ રાઉન્ડ માટે પશ્ચિમ રેલવેના ૬ વિભાગના ૨૦ સ્ટેશનોની પસંદગી કરવામાં આવી છે. જેમાં રતલામ વિભાગના ઈન્દોર, ઉજ્જૈન અને રતલામ સ્ટેશનનો સમાવેશ થાય છે. મુંબઈ હેડક્વાર્ટર તરફથી સૂચના મળ્યા બાદ રેલવેના વાણિજ્ય વિભાગે આધાર કાર્ડ કાઉન્ટર ખોલવાની તૈયારી શરૂ કરી દીધી છે. યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI)ના સહયોગથી શરૂ કરવામાં આવનાર આ કાઉન્ટર્સ, ફરતા વિસ્તાર અથવા રિઝર્વેશન સેન્ટરમાં ખોલવામાં આવશે. રેલવે સ્થળની પસંદગી કરવા માટે સર્વે કરી રહી છે. જેથી મુસાફરોની સાથે સ્ટેશન પર આવતા અન્ય લોકો પણ તેનો લાભ લઈ શકે.

## ઝાલોદના થેરકા પ્રા.શાળામાં ક્ષય વિભાગ દ્વારા પેશન્ટ પ્રોવાઈડર મીટીંગ યોજી

દાહોદ,

પ્રધાનમંત્રીના ટીબી મુક્ત ભારત ૨૦૨૫ અભિયાન અંતર્ગત ઝાલોદ તાલુકાના થેરકા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જીલ્લા ક્ષય અધિકારી ડો. આર.ડી.પહાડીયાના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન બી.વાઘેલાના અધ્યક્ષતામાં પેશન્ટ પ્રોવાઈડર મીટીંગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ ૪૩ ટીબીના દર્દીઓ હાજર રહેલ હતા અને ૩૪ ટ્રીટમેન્ટ સપોર્ટર હાજર રહેલ હતા. આ મીટિંગમાં જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન બી. વાઘેલા, પ્રા.આ.કેન્દ્રના મેડિકલ ઓફિસર ગ્રામ પંચાયત થેરકાના સરપંચ રાજુભાઈ સંગાડા, ગ્રામ પંચાયત



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

વાગેલાના સરપંચ રસનભાઈ ડામોર, તાલુકા સભ્ય સતીષભાઈ વસૈયા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના મેનેજર, મહિલા મોરચાના મહામંત્રી, ટીબી સુપરવાઈઝર કેયુરભાઈ પંચાલ, સતિષભાઈ ગરાસિયા સંદીપભાઈ બારિયા, ટીબી ચેમ્પિયન બાબુભાઈ કલારા, આરોગ્ય કેન્દ્રના સુપરવાઈઝર થેરકા અને આરોગ્ય કેન્દ્રનો તમામ cho, mphw, fhw, આશાવર્કર બેનો સ્ટાફ હાજર રહેલ હતા. આ મીટિંગમાં ટીબીના લક્ષણો વિશે, દર્દીઓને દવા નિયમિત લેવાની, દવાની આડ અસરો વિશે અને યોગાસન પ્રાણાયામ વિશે સંપૂર્ણ માહિતી પણ દર્દીઓને આપવામાં આવી અને અંતમાં જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, થેરકા ગ્રામ પંચાયતના સરપંચ રાજુભાઈ સંગાડા, વગેલા ગ્રામ પંચાયત સરપંચ રસનભાઈ ડામોર, જિલ્લા પંચાયતસભ્ય સુરેશભાઈ કટારા, તાલુકા પંચાયતનાના સભ્ય સતીષભાઈ વસૈયા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના મેનેજર, મેલનીયા સરપંચ નગીનભાઈ વસૈયા તાલુકાસભ્ય વિનોદ ભાઈ સંગાડા, મેડીકલ ઓફિસર, ફાર્માસિસ્ટ નીલમબેન દ્વારા નિક્ષય મિત્ર બની કુલ ૪૩ દર્દીને દત્તક લઈ પોષણ કીટ આપવામાં આવી.

## ભાજપ પ્રદેશ પ્રમુખના જન્મ દિવસે દાહોદ મહિલા મોરચા અને ડોકટર સેલ ટીબી પેશન્ટોને કીટનું વિતરણ કર્યું




દાહોદ,

સી.આર.પાટીલના જન્મદિવસ નિમિત્તે દાહોદ મહિલા મોરચા, ડોકટર સેલ તેમજ દાહોદ શહેર ભાજપ દ્વારા T.B.ના પેશન્ટોને રાશન કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ટી.બી.ના પેશન્ટો વધારે વધે નહીં તે માટે શું ધ્યાન રાખવું તેની પણ ડોક્ટર સેલ તેમજ સરકારી હેલ્થ વિભાગ દ્વારા માહિતી આપવામાં આવી હતી. જેમાં ઉપસ્થિત રહી T.B.નાં પેશન્ટને કીટ વિતરણ કરી.

## વડોદરામાં વોર્ડ મિટીંગ અને થ્રીડી સેલ્ફી પોઈન્ટનું આયોજન કરાશે

દાહોદ,

જી-૨૦ સમિટ ૨૦૨૩નુ યજમાન ભારત દેશ બન્યુ છે. અને તેમાંય ગુજરાત રાજયના આંગણે જી-૨૦ સમિટની મહત્વની ૧૬ ઈવેન્ટ આ વર્ષમાં થવા જઈ રહી છે. ત્યારે સમગ્ર ગુજરાત રાજયની મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓ વિસ્તારમાં વસવાટ કરતા નગરજનો પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે કાર્યક્રમોમાં સામેલ થાય તથા વધુમાં વધુ જનભાગીદારી કેળવાય તેવા શુભાશયથી જી-૨૦ સમિટ ૨૦૨૩ની ઉજવણી અંગર્તત જુદા જુદા કાર્યક્રમોનુ આયોજન થવાનુ છે. વડોદરા ઝોનની ૨૬ નગરપાલિકાઓમાં ૧૬ માર્ચે સવારે ૯ વાગ્યે નગરપાલિકા વિસ્તારમાં જી-૨૦ સમિટ ૨૦૨૩ની વિષય વસ્તુ સાથે જી-૨૦નુ બ્રાન્ડિંગ, પેન્કવેટ, બ્રોસર સાથે વોર્ડ મિટીંગ યોજવામાં આવશે. આ વોર્ડ મિટીંગમાં નગરપાલિકા વિસ્તારના પદાધિકારીઓ, પ્રમુખો, પુર્વ પ્રમુખો, તેમજ અન્ય ચુંટાયેલા પ્રતિનિધિઓ તથા નાગરિકો ભાગ લેનાર છે. વોર્ડ મિટીંગમાં વિવિધ સક્ષમ વકતઓ દ્વારા જી-૨૦ વિષય પર વકતવ્ય આપશે. આ ઉપરાંત વિવિધ જાણીતા સ્થળો જેવા કે પર્યટન સ્થળ, બાગ-બગીચા તથા સિવિક સેન્ટરો પર ૩ડી સેલ્ફી પેઈન્ટ્સનુ આયોજન કરાશે. દાહોદમાં પણ આયોજન કરવામાં આવ્યુ હોવાનુ જાણવા મળ્યુ છે.

## ધાનપુર પોલીસ મથકના ગૌહત્યાના ગુન્હામાં નાસતા ફરતા બે આરોપીને ઝડપાયા

દાહોદ,

ધાનપુર તાલુકાના ઊંડાર ગામના ગૌહત્યાના ગુન્હામાં સંડોવચેલ આરોપી ધાનપુર પોલીસ મથકે દાખલ ગુન્હામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને ઊંડાર ગામે તેના ઘરેથી દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી કાર્યવાહી હાથ ધરી, ધાનપુર પોલીસ મથકના અલગ અલગ ગુન્હામાં સંડોવચેલ આરોપીને ઝડપી પાડવા માટે અલગ અલગ ટીમો બનાવી સ્ટાફના કર્મચારીઓ સાથે પોલીસ સઘન પેટ્રોલિંગ હાથ ધરી રહી છે. જેના ભાગરૂપે ધાનપુર પોલીસ મથકના નોંધાયેલા ગૌહત્યાના ગુન્હામાં સંડોવાયેલ આરોપી માનસિંગ ગણાવા ગામ (ઊંડાર) સરતન વાખળા ઊંડારને પોતાના ઘરે આવ્યો હોવાની પોલીસને બતમીમલી હતી અને બાતમીના આધારે પોલીસે રેડ પાડી હતી. રેડ દરમિયાન પોલીસે તેને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી કાર્યવાહી હાથ ધરી હતી. આંમ, પોલીસને ફરાર આરોપીને પકડવામાં સફળતા સાંપડી હતી.

## ધાનપુર પોલીસ મથકના બળાત્કારના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને પોલીસે ઝડપી પાડ્યો

દાહોદ,

ધાનપુર તાલુકાના લખણગોજીયા ગામનો બળાત્કારના ગુન્હામાં સંડોવચેલ આરોપી ધાનપુર પોલીસ મથકે દાખલ ગુન્હામાં છેલ્લા એક વર્ષ ૧૦ મહિનાથી નાસતા ફરતા આરોપીને તેના ઘરેથી દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી કાર્યવાહી હાથ ધરી, ધાનપુર પોલીસ મથકના અલગ અલગ ગુન્હામાં સંડોવચેલ આરોપીને ઝડપી પાડવા માટે અલગ અલગ ટીમો બનાવી સ્ટાફના કર્મચારીઓ સાથે પોલીસ સઘન પેટ્રોલિંગ હાથ ધરી રહી છે. જેના ભાગરૂપે ધાનપુર પોલીસ મથકના નોંધાયેલા બળાત્કારના ગુન્હામાં સંડોવાયેલ આરોપી પ્રકાશભાઈ નાયક ગામ (લખણગોજીયા) પોતાના ઘરે આવ્યો હોવાની પોલીસને બતમીમલી હતી અને બાતમીના આધારે પોલીસે રેડ પાડી હતી. રેડ દરમિયાન પોલીસે તેને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી કાર્યવાહી હાથ ધરી હતી આમ પોલીસને ફરાર આરોપીને પકડવામાં સફળતા સાંપડી હતી.

## દે.બારીયાના સાગટાળા પરીક્ષા કેન્દ્ર ખાતે ધો.૧૨ની પરીક્ષામાં ત્રણ કોપી કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાનો આરંભ થઈ ગયો છે. ત્યારે આજરોજ દેવગઢ બારીઆ તાલુકાના સાગટાળા પરીક્ષા કેન્દ્ર ખાતે ધોરણ ૧૨માં ત્રણ કોપી કેસના બનાવો નોંધાંવા પામ્યાં છે.

દાહોદ જિલ્લામાં ગતરોજ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાનો આરંભ થઈ ગયો છે. પ્રથમ પેપરના દિવસે કોઈ કોપી કેસ ન બનતાં તંત્રએ હાશકારો લીધો હતો. ત્યારે આજરોજ દેવગઢ બારીઆ તાલુકાના સાગટાળા પરીક્ષા કેન્દ્રના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા સાત કુંડા બિલ્ડીંગમાં કુલ ત્રણ કોપી કેસના બનાવો નોંધાંતાં દાહોદ જિલ્લાના શિક્ષણ આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. દાહોદ જિલ્લામાં હાલ તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે બોર્ડની પરીક્ષાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે તેમજ બિલ્ડીંગો ખાતે સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યાં છે.

## દાહોદના સીંગલ ફળિયામાં બે પક્ષો વચ્ચે મારામારીમાં ૧૦ લોકો વિરૂદ્ધ ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરના સીંગલ ફળિયામાં બે દિવસ અગાઉ નજીવી બાબતે બે પક્ષો વચ્ચે થયેલી મારામારીની અદાવતે સાસી સમાજના ૧૦થી વધુ લોકોના ટોળાએ તોડફોડ કરી ધિંગાણુ મચાવતા પોલીસે ટોળાઓ વિરુદ્ધ ગુનો દાખલ કરીને આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

દાહોદ શહેરના ગોદી રોડ વિસ્તારના સીંગલ ફળિયા ખાતે કિન્નર સબાના કુંવર અને સપના રાજેશ સાંસી નામની મહિલા વચ્ચે તા.૧૧ની રાત્રિએ રોડ ઉપર ગાડી મુકવાની બાબતને લઈ માથાકુટ થઈ હતી. જે બાદ બંને વચ્ચે મારામારી થતાં ઘટના સંદર્ભે કિન્નર શબાના કુંવર સહિત અન્ય ત્રણ લોકો વિરુદ્ધમમાં પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. જેની અદાવતે ગત તા.૧૩ની રાત્રિએ કિન્નરના ઘરના સામે રહેતા રવિ ભગા સાસી, જશોદા સાસી, વિશાલ સાસી, પુજા સાસી કિન્નર શબાના કુંવરના ઘરે આવ્યા હતા. અને તમે લોકો અમારી સમાજના લોકોને કેમ ગાળો આપી માર માર્યો હતો. તે બાબતને લઈને બોલાચાલી થઈ હતી. થોડીવારમાં આનંદ સાસી, સચીન સાસી, વિષ્ણુ સાસી, રાજેશ સજ્જનસિંહ સાસી, હર્ષદ ભાણા રોહન રાજેશ સાસી મારક હથિયારો સાથે જાનથી મારી નાંખવાની બુમો પાડતા પથ્થરમારો કરી તોડફોડ કરતા કિન્નર સબાના કુંવરે તેમના ઘરના દરવાજા બંધ કરી દીધા હતા ત્યારે ઉપરોક્ત ટોળાએ તોડફોડ કરી આશરે ૩,૫૦,૦૦૦લાખ નુ નુકસાન પહોંચાડી અને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. અને સબાના કિનનરની ભાભી ખુશાલી સલીમ શેખનુ મંગળસુત્ર પણ તોડી નાંખ્યુ હતુ. અને જતા જતા પતરાના સેડ નીચે બાંધેલી ગાયને પણ મારી હતી. અને આ તમામ ૧૦ લોકોએ ગેરકાયદેસર મંડળી બનાવી મારક હથિયારો ધારણ કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ત્યાંથી ભાગી ગયા હતા. ઉપરોકત બનાવ સંદર્ભે કિન્નર સબાના કુંવરબાએ દાહોદ બી-ડીવીઝન પોલીસ મથકે ૧૦ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ ૧૦ લોકો સામે ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

## ઝાલોદના રળીયાતી ભુરા ગામે છોકરી ભગાડી લાવવાના મામલે છોકરી પક્ષે છોકરાના ઘરમાં તોડફોડ કરી

દાહોદ,

ઝાલોદ તાલુકાના રળીયાતી ભુરા ગામનો છોકરો તેના ગામની છોકરીને પત્ની તરીકે રાખવા લઈ આવતાં છોકરી પક્ષના છ જેટલા ઈસમોએ છોકરાના ઘરે આવી છોકરી સોંપી દેવા જણાવી ડાંગરના ઘાસના પુળામાં આગ ચાંપી નુકશાન કરી ઘરના બારી બારડાની તોડફોડ કરી લાકડીનો મારમારી બે જણાને ઈજાઓ પહોંચાડી હોવાનું જાણવા મળ્યું છે.

રળીયાતી ભુરા ગામના નિસરતા પરિવારના સવિતાબેન લીલસીંગભાઈ, કલ્પેશભાઈ રમસુભાઈ, બચુભાઈ લાલાભાઈ, સુમનભાઈ રમસુભાઈ, હરીયાભાઈ રામસીંગભાઈ તથા ઈનેશભાઈ સુમનભાઈ વગેરે ગતરોજ સવારે સાડા નવ વાગ્યાના સુમારે રળીયાતી ભુરા ગામના આંબા ફળિયામાં રહેતા દેવસીંગભાઈ રંગજીભાઈ ગરાસીયાના ઘરે જઈ બેફામ બિભત્સ ગાળો બોલી તમારો છોકરો દીલરાજ દેવસીંગ ગરાસીયા અમારી છોકરી શીલ્પાબેન લીલસીંગભા નિસરતાને પત્ની તરીકે રાખવા સારૂ લઈ ગયેલ છે. જેથી તમો અમારી છોકરી અમોને પરત સોંપી દો તેમ કહી દેવસીંગભાઈ રંગજીભાઈ ગરાસીયાના ઘરના બારી બારણાની તોડફોડ કરી તેમજ ઘાસ(ડાંગરના પૂળા) સળગાવી નુકશાન પહોંચાડ્યું હતું. આ સમયે બકુલભાઈ ગરાસીયા તથા સુરસીંગભાઈ ગરાસીયા તોડફોડ કરતા રોકવા જતા તેઓએ બંને જણાને પીઠના ભાગે લાકડીના ફટકા મારી ઈજાઓ પહોંચાડી હતી. આ સંબંધે રળીયાતી ભુરા આંબા ફળીયામાં રહેતા દેવસીંગભાઈ રંગજીભાઈ ગરાસીયાએ નોંધાવેલ ફરિયાદને આધારે ચાકલીયા પોલીસે ઈપીકો કલમ ૪૩૫, ૪૨૭, ૩૩૬, ૨૯૪(ખ), ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.174

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ઘોઘંબાના ગોહચા સુંડલ ગામે ક્લિનીક ચલાવતા ડૉક્ટરની બેદરકારી થી

# સગર્ભા મહિલાનું મોત થયાના આક્ષેપ સાથે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકા ગોહચા સુંડલ ગામે જય અંબે ક્લિનીક નામથી દવાખાનું ચલાવતા ડૉકટરની બેદરકારીના કારણે સગર્ભા મહિલાનું મોત નિપજાતાં ડૉકટર વિરૂદ્ધ રાજગઢ પોલીસ મથકે પરિવારજનોએ ફરિયાદ નોંધાવતા સગર્ભાના મૃતદેહને પી.એમ.અર્થે ઘોઘંબા રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના વાવકુંડલી ગામે રહેતા પ્રિયંકાબેન રાજુભાઈ પરમાર ઉ.વ.૩૦ના લગ્ન બે વર્ષ અગાઉ થયેલ હતા અને પ્રિયંકાબેનના સારા દિવસો જતાં સગર્ભા થતાં ઘોઘંબા ખાતે ખાનગી પ્રસૂતિ દવાખાનામાં સારવાર ચાલી રહી હતી. સગર્ભા મહિલા પ્રિયકાંબેનને દુઃખાવો થતાં પરિવારજનો ઘોઘંબાના ગોહચા સુંડલ ગામ વળાંકમાં જય અંબે ક્લિનીક નામે દવાખાનું ચલાવતા ડૉકટરને ત્યાં સારવાર માટે લઈ ગયા હતા. ત્યારે ડૉકટર દ્વારા સગર્ભા મહિલાને બોટલ ચડાવીને સારવાર કરી હતી. ત્યારબાદ મહિલાને ઘરે લઈ જતાં સગર્ભા મહિલાનું મોત નિપજાવા પામ્યું હતું. સગર્ભા મહિલાનું મોત થતાં પરિવારજનો દ્વારા ડૉકટર દ્વારા બેદરકારી દાખવીને સારવાર કરવામાં આવતાં મહિલાનું મોત થયું હોવાના આક્ષેપ સાથે રાજગઢ પોલીસ મથકે ડૉકટર વિરૂદ્ધ ફરિયાદ આપતાં પોલીસે મહિલાના મૃતદેહને ઘોઘંબા રેફરલ હોસ્પિટલમાં પીએમ અર્થે મોકલી આપવામાં આવ્યો છે.

## પાવાગઢ ટ્રસ્ટીઓ દ્વારા છોલેલ શ્રીફળ નહી વધેરવાના નિર્ણયના વિરોધમાં VHP દ્વારા વડોદરા કલેકટરને આવેદન



હાલોલ,

હાલોલ તાલુકાના પાવાગઢ ખાતે ડુંગર પર બિરાજમાન માં શક્તિના સ્થાનો કે ટ્રસ્ટીઓ દ્વારા લેવામાં આવેલા અયોગ્ય અને તગ લખી નિર્ણયનો વિરોધ કરી ઓલ ઈન્ડિયા હિન્દુ પરિષદ દ્વારા વડોદરા કલેક્ટરને આવેદનપત્ર આપી સૂત્રોચ્ચાર કર્યો હતો કે પાવાગઢના ટ્રસ્ટીઓ દ્વારા શ્રીફળ નહીં વધેરવાના નિર્ણયનો વિરોધ કરીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. તેમાં જણાવવામાં આવ્યું છે કે શ્રીફળ વધારવું એ શ્રદ્ધાનું વિષય છે. શ્રદ્ધા અને આસ્થા સાથે મહાકાલીના મંદિરના ટ્રસ્ટ દ્વારા ખીલવાડ કરવામાં આવે છે. તે બંધ કરવામાં આવે અને સારંગપુરમાં વ્યવસ્થા છે. શ્રીફળ વધેરવાની તેવી વ્યવસ્થા પાવાગઢ મંદિર ખાતે થવી જોઈએ બાકી ભક્તો શ્રીફળ વધેરશે એમાં કોઈ શંકા નથી. આખું શ્રીફળ માતાજીની ધરાવ્યા પછી ઘરે લઈ જવાનું કોઈ મતલબ નથી વધુમાં જેમાં ભક્તોએ આસ્થા અને ભક્તિ સાથે બાધા રાખી હોય મારૂં આ કામ ફતેહ થાય તો ૧૧ શ્રીફળનું તોરણ માતાજીના મંદિરે ચડાવીશ તોરણ ચડાવ્યા બાદ તેને ઘરે ના લઈ જવાય માટે આ તગ લખી નિર્ણયને પરત ખેંચવામાં નહીં આવે તો ચાલો પાવાગઢની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. માં અંબાના પ્રસાદનો વિવાદ નો શુભ પરિણામ આવ્યું તેવું પરિણામ પાવાગઢ માતાજીના મંદિર માટે શ્રીફળ વધેરવા માટે આવવું જોઈએ હિન્દુઓની સરકાર હોય અને હિન્દુઓના મંદિરો માટે આવા નિર્ણયો લેવામાં આવે તે આરોગ્ય છે. સારંગપુર ખાતે શ્રીફળ વધારવાની સુંદર વ્યવસ્થા છે. તેવી વ્યવસ્થા માતાજીના મંદિરે કેમ ના કરી શકાય ટ્રસ્ટીઓ દ્વારા માત્ર આવા નિર્ણયો લઈ વિવાદો ઊભા કરવામાં આવે છે તે ના થાય તે માટે ઓલ ઈન્ડિયા હિન્દુ પરિષદ દ્વારા આજે વડોદરા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે અને તેનું નિર્ણય તારીખ ૨૨ થી શરૂ થતી ચૈત્રી નવરાત્રી પહેલા લેવામાં આવશે તો તે ભક્તોના હિતમાં હશે હવે ભક્તોએ દડો માતાજીના ટ્રસ્ટીઓના કોર્ટમાં નાખ્યો છે.

## શહેરાના નવા ગામે સાળાની હત્યાનો આરોપી બનેવીને ઝડપી જેલમાં ધકેલ્યો

શહેરા,

શહેરા તાલુકાના નવાગામ ખાતે બનેવી એ સગા સાળાની હત્યાને અંજામ આપ્યો હતો. પોલીસે ગણતરીના કલાકોમાં હત્યાના બંને આરોપીઓને ઝડપી પાડી ને જેલના સળિયા ગણતા કરી દીધા હતા.

> શહેરા તાલુકાના નવાગામ ખાતે સામાન્ય બોલચાલ અને ઝપાઝપી બાદ આરોપીએ તેના સાળાનું તીક્ષ્ણ હથિયાર મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો અને કાતિલ ઘટનાને અંજામ આપી પિતા–પુત્ર સ્થળ પરથી ભાગી છૂટ્યા હતા. આથી તેઓને પકડવા માટે હ્યુમન અને ટેક્નિકલ સોર્સિસના આધારે તેઓને ગામમાં આવેલા તળાવ પાસેથી ઘરદબોચી જેલના સળિયા પાછળ મોકલી આપ્યા હતા.
>
> **રાહુલ રાજપુત, પી.આઈ. શહેરા પોલીસ મથક**

શહેરા તાલુકાના નવાગામ નવી વસાહત ખાતે ગત તા.૧૪ માર્ચના રોજ પતિ–પત્ની વચ્ચે થયેલ બોલાચાલીને લઈને પોતાની બહેનને લેવા ગયેલા સુરેલી ગામના યુવાનની ઝપાઝપી દરમ્યાન તીક્ષ્ણ હથિયાર વડે પોતાના સગા બનેવીએ હત્યા કરી હોવાની ઘટના સામે આવી હતી. જેને લઈને સમગ્ર મામલે શહેરા પોલીસ મથકે હત્યારા બનેવી અને તેના પિતા સામે હત્યાનો ગુન્હો નોંધાયો હતો અને પોલીસે બંને આરોપીઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતા. ત્યારે હત્યાના બંને આરોપીઓ નામે રમણ બાલુ બારીઆ અને બાલુ ભુલા બારીઆ નવાગામ ખાતે આવેલ તળાવ બાજુ સંતાયેલા હોવાની હકીકત શહેરા પોલીસ મથકના પી.આઈ. આર.કે.રાજપૂતને મળતા પી.આઈ. આર.કે.રાજપૂતે પોલીસ મથકની સર્વેલન્સ ટીમને બંને આરોપીઓને ઝડપી પાડવાની સૂચના આપતા સર્વેલન્સની ટીમે નવાગામ ખાતે આવેલા તળાવ નજીક પહોંચી ત્યાંથી રમણ બાલુ બારીઆ અને બાલુ ભુલા બારીઆ આ બંને આરોપીઓને દબોચી લઈ ગણતરીના કલાકોમાં સમગ્ર કાર્યવાહી પાર પાડી હતી.

## ગોધરા સિવિલ હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજ રૂમમાં ટેકનીકલ કારણોસર આગ લાગી



ગોધરા,

ગોધરા સિવિલ હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજ રૂમમાં ટેકનીકલ કારણોસર આગ લાગી હતી. આગ લાગી તે સમયે કોલ્ડ સ્ટોરેજ મશીનમાં રાખેલ મૃતદેહને સમયસર બહાર કાઢવામાં આવ્યો. આગની ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડ દ્વારા આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો.

ગોધરા સિવિલ હોસ્પિટલમાં મૃતદેહની સાચવણી માટે કોલ્ડ સ્ટોરેજ રૂમ આવેલ છે. આ કોલ્ડ સ્ટોરેજ રૂમમાં આજરોજ ટેકનીકલ કારણોસર આગ લાગી હતી. કોલ્ડ સ્ટોરેજ રૂમમાં આગ ઘટના સમયે મૃતદેહ રાખવામાં આવ્યો હતો. તે કોલ્ડ સ્ટોરેજ રૂમ પર ફરજ પરના કર્મચારીઓએ સમય સુચકતા વાપરીને મૃતદેહને બહાર કાઢી લેવામાં આવ્યો હતો. કોલ્ડ સ્ટોરેજમાં આગની ઘટનાની ફાયર બ્રિગેડને જાણ કરતાં ફાયર બ્રિગેડ દ્વારા આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો. કોલ્ડ સ્ટોરેજ રૂમમાં કોમ્પ્રેસરમાં આગ લાગી હોવાનું સામે આવ્યું છે.

## હાલોલ ખાતે સર્વે નં.૩૩૨/૨ વાળી સંયુક્ત ભાગીદારીની જમીનનો બારોબાર વેચાણ દસ્તાવેજ કરાવી લેતાં ફરિયાદ

હાલોલ,

હાલોલ ખાતે આવેલ સર્વે નં.૨૮૯, ૮૮૯ પૈકી–૧, ૨૯૮ પૈકી–૨, ૨૮૯ પૈકી–૩, ૩૨૫ પૈકી–૧, ૩૨૫ પૈકી–૨, ૩૩૭/૧ વાળી જમીન આશીબેન મુસાભાઈ ઈસ્માઈલભાઈ દેલોલીયા સીધી લીટીના વારસદાર હોય જે જમીનમાં આશીબેન અને તેમની માતા હાતીમાબીબીનું નામ છુપાવ્યું હતું અને નોંધ નં.૨૦૭૯ થી તા.૧૫/૦૯/૧૯૫૩ના રોજ આશીબેન મુસાભાઈ ઈસ્માઈલભાઈ દેલોલીયાનું નામ છુપાવી રાખી ખોટું પેઢીનામું તથા ખોટા જવાબ પંચક્યાસ કરી તેના સાચા તરીકે ઉપયોગ કરી આરોપી નુરબીબી ઈબ્રાહિમ ઈસ્માઈલ રસીદ, અલ્લારખાં ઈબ્રાહિમ ભોપા (રસીદ), અબ્દુલ રહિમ ઈસ્માઈલ બજારવાલાએ પોતાના પિતા ઈબ્રાહિમ ઈસ્માઈલ ભોપા (રસીદ)નું વારસદાર તરીકે નામ દાખલ કરાવી આ જમીન પૈકીની સર્વે નં.૩૩૨/૨ વાળી જમીનમાં આશીબેન તથા આરોપીઓ અડધા ભાગે ઉપજ લેતા હતા. તે જમીન આરોપી અબ્દુલ રહિમ ઈસ્માઈલ બજારવાલા જે નુરબીબીના સગાભાઈ હોય આ જમીન સંયુક્ત ભાગીદારીની હોવાનું જાણતા હોવા છતાં નુરબીબી અને અલ્લારખાં એ સાથે મળીને પોતાના નામે નોંધ નં.૨૫૪૯૭ થી વેચાણ દસ્તાવેજ કરાવી ફરિયાદ સાથે વિશ્વાસઘાત કરતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.



**દોલતપુરા મુકામે આદરણીય પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના જન્મ દિવસની ઊજવણી કરવામાં આવી. દોલતપુરા આંગણવાડીમાં ફ્રૂટ વિતરણ કરવામાં આવ્યું. તેમાં તાલુકા પંચાયતના ઉપપ્રમુખ ભાવનાબેન બારીયા, કિસાન મોરચો પ્રદેશ કારોબારી સભ્ય વિકાસકુમાર પંડ્યા, શક્તિકેન્દ્ર ના સંયોજન ભરતભાઈ રામાભાઈ ડામોર, રમણભાઈ માછી, મફતભાઈ મારવાડી તથા ચિરાગભાઈ હાજર રહ્યા.**

## શહેરા ખાતેથી ચોરીના મોબાઈલ સાથે ઈસમને SOG પોલીસે ઝડપ્યો



શહેરા,

શહેરા પોલીસ મથક વિસ્તારમાં ચોરીનાો મોબાઈલ વેચવા ફરતા ઈસમને એસ.ઓ.જી.પોલીસે બાતમીના આધારે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એલ.સી.બી.પોલીસે શહેરા પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા અને બાતમીના મળી હતી કે, એક ઈસમ કલ્પેશ પર્વતભાઈ પટેલ (રહે. ગાંગડીયા, તા. શહેરા) કયાંક થી છળકપટની વીવો કંપનીનો મોબાઈલ લાવી તેને વેચવા ફરે છે. તેવી બાતમીના આધારે મોબાઈલ ફોન ૧૩,૦૦૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડી શહેર પોલીસ મથકે નોંધાયેલ મોબાઈલ ચોરીનો ગુન્હો ડીટેકટ કરવામાં આવ્યો.

## શહેરા તાલુકામાં અપહરણ બળાત્કારના ગુન્હાના આરોપીને રમજીની નાળ ગામેથી ઝડપ્યો

શહેરા,

શહેરા પોલીસ મથકના અપહરણ, બળાત્કાર અને પોકસોના આરોપીને ગણતરીના કલાકોમાં રમજીની નાળ ગામેથી પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસે પકડી પાડેલા આરોપીની પૂછપરછ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર એકાદ બે દિવસ અગાઉ પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના રમજીની નાળ ગામે રહેતા ૨૪ વર્ષીય મોતી ઉર્ફે રાકેશ અર્જુનભાઈ નાયક સામે શહેરા પોલીસ મથકે અપહરણ, બળાત્કાર તેમજ પોકસો અધિનિયમ ૨૦૧૨ની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. ત્યારે બળાત્કારના ગુન્હાનો આરોપી મોતી ઉર્ફે રાકેશ નાયક પોતાના ઘરે હોવાની માહિતી શહેરા પી.આઈ. આર.કે. રાજપૂતને મળી હતી,જે માહિતીના આધારે શહેરા પોલીસ મથકની સર્વેલન્સ ટીમે રમજીની નાળ ગામે આરોપી મોતી ઉર્ફે રાકેશ નાયકના ઘરે પહોંચી તપાસ કરતા આરોપી મોતી નાયક પોતાના ઘરે હાજર મળી આવ્યો હતો. જેથી પોલીસે તેને ઝડપી પાડી હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આંમ, શહેરા પોલીસે અપહરણ, બળાત્કાર અને પોક્સોના ગુન્હાના આરોપીને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો હતો.

## ઘોઘંબાના ગોદલી ગામે પથ્થર ભરી જતા ટ્રેલર ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રેલર પલ્ટી મારી જતા જાનહાનિ ટળી

ગોધરા,

ઘોઘંબા તાલુકાના ગોદલી પાસે મહાકાય પથ્થર ભરી જતાં ટ્રેલરના ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા પલ્ટી ખાઈ ગયુ હતુ. જોકે સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી. અને રોડની સાઈડમાં આવેલા એક આંબાના વૃક્ષનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

પાવીજેતપુર પંથકમાં આવેલી માઈન્સમમાંથી નીકળતા મોટા પથ્થરો ભરી ગોધરા થઈ અન્ય ફેકટરીમાં ટ્રેલર મારફતે હાલ કેટલાય દિવસોથી લઈ જવામાં આવી રહ્યા છે. આ મહાકાય ટ્રેલરો ઘોઘંબા તાલુકાના ગોદલી કાંટુ અને દામાવાવ સહિતના આંતરિક માર્ગો ઉપર થઈ ગોધરા તરફ જઈ રહ્યા છે. આ ટ્રેલર રાત્રિ દરમિયાન અહિંથી પસાર થતાં હોય છે. એ વેળાએ ટ્રેલર ચાલકો વળાંકો વાળો માર્ગ હોવા છતાં પુરઝડપે હંકારવા ઉપરાંત હેડલાઈટ એલઈડી લાઈટો બેસાડી પસાર થતા હોય છે. જેથી નાના વાહનચાલકો અને રાહદારીઓ અજવાઈ જવાની ઘટનાઓ બની રહી છે.ત્યારે અહિંથી પસાર થતાં આ ટ્રેલર ચાલકો સામે પોલીસ દ્વારા પગલા ભરવામાં આવે અને ધીમે હંકારવાની સુચનાઓ આપવામાં આવે એવી જાગૃત નાગરિકોમાં માંગ ઉઠવા પામી છે.અગાઉ ચાઠા ગામ પાસે પુરઝડપે પથ્થર ભરી પસાર થઈ રહેલ ટ્રેલરમાંથી એક મોટો પથ્થર રોડની સાઈડમાં ખાબકતા ગોદલી પાસે પથ્થર ભરેલા ટ્રેલરના ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રેલર પઈલ્ટી ખાઈ જવાની ઘટના બની હતી. આ બનાવ મોડી રાત્રિનો હોવાથી જાનહાનિ ટળી હતી. ત્યારે સંલગ્ન પોલીસ સ્ટેશનના અધિકારીઓ દ્વારા આ ટ્રેલર ચાલકોને સ્પીડ નિયમન અંગે સુચના આપવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

## ગોધરા બ્રાહ્મણ પંચની વાડી ખાતે શ્રી રંગલીલામૃતનું પારાયણ કથાનું આયોજન



ગોધરા,

પૂજ્ય શ્રી રંગ અવધૂતજી મહારાજના ૧૨૫મા પ્રાગટ્ય વર્ષ મહોત્સવ નિમિત્તે પૂજ્ય બાપજીના જન્મસ્થાન, બાળ લીલા સ્થાન તેમજ પૂજ્ય માજીના વાત્સલ્ય ધામ સ્થાન ગોધરા મુકામે તારીખ ૧૫થી ૨૧ માર્ચ દરમિયાન બ્રાહ્મણ પંચની વાડી ખાતે શ્રી રંગલીલામૃતનું પારાયણ કરવામાં આવ્યું છે. સાંજે શ્રી રંગલીલામૃત કથાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. કથાનું રસપાન શાસ્ત્રીજી કિરીટ પાઠક સંગીતમય શૈલીમાં કરાવી રહ્યા છે. શ્રી રંગ અવધૂત સુરત શહેર જિલ્લા પરિવારના અગ્રણી સુધીર સોનીના સાનિધ્યમાં આયોજિત આ કાર્યક્રમમાં ગુજરાતભરના રંગભક્તો ઉપસ્થિત રહી પોથી યાત્રામાં જોડાયા હતા. પૂજ્ય જગદીશાનંદજી 'રંગબાળ' એ આશીર્વાદ પાઠવ્યા હતા. શ્રી રંગયુવા શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ ગોધરાના સભ્યોએ આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે મહેનત કરી રહ્યા છે.

## પાવાગઢ યાત્રાધામ ખાતે ગુજરાત પ્રવાસન દ્વારા ડોકયુમેન્ટ્રી શુટીંગ માટે ગાયિકા કિંજલ દવે આવ્યા



પાવાગઢ,

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા ડોક્યુમેન્ટ્રી બનાવવામાં આવી રહી છે. ધાર્મિક સ્થળોની આ ડોક્યુમેન્ટ્રી શૂટ કરવા પ્રસિદ્ધ ગુજરાતી ગાયિકા કિંજલ દવે પણ ત્યાં આવી હતી. તેણીએ પાવાગઢ મહાકાળી મંદિરમાં માતાજીની પૂજા કરી આશીર્વાદ મેળવ્યા હતા અને વિધિ મુજબ મંદિરના શિખર ઉપર ધજા ચડાવી હતી. ડોક્યુમેન્ટ્રી શૂટ કરીને તેઓ ટીમ સાથે પાવાગઢ મહાકાળી મંદિરે પહોંચ્યા હતા. માતાજીના દર્શન કરી પાદુકા પૂજનનો લાભ લીધો હતો. શાસ્ત્રોક્ત વિધિ મુજબ માતાજીની ધજા માથે લઈ વાજતે ગાજતે મંદિરની પ્રદક્ષિણા કરી હતી. કિંજલ દવેએ પાવાગઢને પોતીકો વિસ્તાર કહી અહીં શૂટ કરવા માટે આવવાની તક મળી તે બદલ પોતાને ભાગ્યશાળી ગણાવ્યા હતા. પાવાગઢના ગૌરવપૂર્ણ ઈતિહાસમાં પાંચસો વર્ષ પછી શિખર ઉપર ધજા ફરકી છે. તમામ માઈ ભક્તોએ પાવાગઢ મહાકાળી માતાજીના દર્શનનો લાભ લેવો જોઈએ અને માતાજીના આશીર્વાદ મેળવવા જોઈએ તેમ કિંજલ દવેએ જણાવ્યું હતું.

## મેડીકલ સુવિધા ચાલુ રાખવા જીવન પ્રમાણપત્ર અને યોગ્યતા ધરાવતા દસ્તાવેજો ECHSના પોર્ટલમાં અપલોડ કરવા બાબત

ગોધરા,

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં વસવાટ કરતા પૂર્વ સૈનિકો/દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓને જણાવવામાં આવે છે કે, તેઓના આતોને મળતી ઈ.સી.એચ.એસ. પોલીકલીનિક તરફથી મેડીકલ સુવિધા ચાલુ રાખવા દર વર્ષે આતોની વાર્ષિક ખરાઈ સારૂં, જીવન પ્રમાણપત્ર અને યોગ્યતા ધરાવતા દસ્તાવેજો https://echs.gov.inની વેબસાઈટ પર સત્વરે અપલોડ કરી લેવા જેથી કરીને ઈ.સી.એચ.એસ. કાર્ડ બ્લોક ન થાય અને આ વિષય બાબત વધુ માહિતી માટે ઈ.સી.એચ.એસ. પોલીકલીનિક વડોદરાનો સંપર્ક કરવા મદદનીશ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.